dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 265 | AD - 2026, Jeth Vad -02 | Wednesday, Dt. 01-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ફિરોઝાબાદના એક ગામમાં લીમડાનું ઝાડ ઈ-રિક્ષા પર ધરાશાયી થતાં પાંચ લોકોના મોત

# દેશના અનેક રાજયોમાં ભારે વરસાદથી જળબંબોળની સ્થિતિ

નવી દિલ્હી,તા.૩૦

હાલમાં દેશના અનેક રાજ્યોમાં હવામાનના બે સાવ અલગ-અલગ દ્રશ્યો જોવા મળી રહ્યા છે જે સામાન્ય જનજીવનને વ્યાપક રીતે પ્રભાવિત કરી રહ્યા છે. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને દેશની રાજધાની દિલ્હીના અનેક વિસ્તારોમાં ચોમાસા પહેલાનો એટલે કે પ્રી-મોન્સૂન વરસાદ વરસી રહ્યો છે જેનાથી લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી છે પરંતુ મુશ્કેલીઓ પણ વધી છે. બીજી તરફ હરિયાણા સહિત કેટલાક રાજ્યોમાં હજુ પણ ભારે ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે જેના કારણે લોકો અસહ્ય ઉકળાટ અને તાપથી પરેશાન છે. દિલ્હી અને હરિયાણાના કેટલાક વિસ્તારોમાં તો મહત્તમ તાપમાન તેતાલીસ અંશ સેલ્સિયસથી પણ વધુ નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યા છે.ઉત્તર પ્રદેશમાં ચોમાસાના આગમન માટે એકદમ અનુકૂળ સ્થિતિ સર્જાઈ હોવાના કારણે રાજ્યના લખનઉ સહિત આશરે પંદર જેટલા જિલ્લાઓમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. આ ભારે વરસાદના કારણે મિર્ઝાપુરમાં એક અંડરપાસમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયા હતા જેના લીધે ત્યાંથી પસાર થતા વાહન વ્યવહારને ખૂબ જ ગંભીર અસર પહોંચી હતી અને ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. ફિરોઝાબાદના એક ગામમાં વાવાઝોડા સાથે આવેલા વરસાદ દરમિયાન એક મોટું લીમડાનું ઝાડ અચાનક ચાલુ ઈ-રિક્ષા પર ધરાશાયી થઈ ગયું હતું. આ કમનસીબ અકસ્માતમાં પાંચ લોકોના કરુણ મોત નિપજ્યા હતા અને અન્ય



બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા જેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના બસ્તી અને મહારાજગંજ જિલ્લામાં કુદરતી આફત રૂપે વીજળી પડવાની અલગ-અલગ ઘટનાઓ સામે આવી હતી જેમાં વધુ બે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.બિહાર રાજ્યની વાત કરીએ તો ત્યાં પણ પંદર જિલ્લાઓમાં તીવ્ર વાવાઝોડા અને ભારે પવન સાથે જોરદાર વરસાદ વરસ્યો હતો. બિહારના સીતામઢી, મુંગેર અને પટના જિલ્લામાં આકાશી વીજળી પડવાના કારણે ચાર લોકોના કાળચક્રમાં હોમાઈ જવાથી મોત થયા હતા જ્યારે અન્ય ચોવીસ જેટલા લોકો વીજળીના આંચકાથી ગંભીર રીતે દાઝી ગયા હતા જે તમામ હાલમાં સારવાર હેઠળ છે.

છત્તીસગઢના સરગુજા વિસ્તારમાંથી પણ આવા જ દુખદ સમાચાર આવ્યા છે જ્યાં આકાશી વીજળી પડવાના કારણે બે નિર્દોષ બાળકો અને એક યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ સાથે મધ્ય પ્રદેશના પણ અનેક જિલ્લાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે જેનાથી ખેડૂતોમાં વાવણીને લઈને ખુશીનો માહોલ છે.

હવામાન વિભાગના સત્તાવાર અહેવાલ અને પૂર્વાનુમાન મુજબ ચોમાસું ચોવીસ જૂને મધ્ય પ્રદેશ અને ગુજરાત રાજ્યમાં વિધિવત રીતે પ્રવેશ્યું હતું અને અત્યાર સુધીમાં તે દેશના બાવીસ રાજ્યોને સંપૂર્ણ કે આંશિક રીતે આવરી ચૂક્યું છે. હવામાન વૈજ્ઞાનિકો દ્વારા એવી પ્રબળ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે કે આગામી પાંચમી જુલાઈ સુધીમાં ચોમાસું સમગ્ર દેશમાં પહોંચી જશે અને બધે જ સાર્વત્રિક વરસાદ શરૂ થઈ જશે. બીજી તરફ દેશના પૂર્વોત્તર રાજ્યો જેવા કે અરુણાચલ પ્રદેશ અને આસામમાં સતત અને અવિરત વરસી રહેલા ભારે વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનની અત્યંત ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ત્યાંની લેકુ નદીમાં આવેલા ભયાનક પૂરના કારણે આસામના જોનાઈ વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં આર્થિક અને માળખાકીય નુકસાન થયું છે.

# પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણની યોજના એક પ્રયોગ : કેન્દ્રનો સુપ્રિમમા જવાબ

નવી દિલ્હી,તા.૩૦

કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે દેશમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ કરવાની યોજના હાલ એક ચાલુ પ્રયોગ છે અને તેની વાસ્તવિક અસર આગામી વર્ષ સુધીમાં વધુ સ્પષ્ટ રીતે સામે આવશે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) દ્વારા કર્ણાટક હાઈકોર્ટના વર્ષ ૨૦૨૫-૨૬ના ઈથેનોલ સપ્લાય વર્ષ સંબંધિત આદેશને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન એટર્ની જનરલ આર. વેંકટરામણીએ સરકારનો પક્ષ રજૂ કર્યો હતો. કેન્દ્રે જણાવ્યું કે હાઈકોર્ટનો આદેશ સમગ્ર દેશની ઈથેનોલ નીતિ પર અસર કરી શકે છે. ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમને લઈને વાહનચાલકોના એક વર્ગમાં ચિંતા છે કે વધુ ઈથેનોલવાળા પેટ્રોલથી ખાસ કરીને જૂના વાહનોના એન્જિનને નુકસાન થઈ શકે છે તેમજ માઈલેજમાં ઘટાડો થઈ શકે છે. જોકે સરકારે આ તમામ આશંકાઓને નકારી કાઢી હતી અને કોર્ટમાં સ્પષ્ટ કર્યું કે ઈ૨૦ પેટ્રોલના ઉપયોગથી વાહનોને કોઈ યાંત્રિક નુકસાન થયું હોવાના કોઈ પુરાવા ઉપલબ્ધ નથી. સરકારે વધુમાં જણાવ્યું કે આ નીતિ દેશની ઉર્જા સુરક્ષા મજબૂત બનાવવામાં, પ્રદૂષણ ઘટાડવામાં અને ખેડૂતોને આર્થિક લાભ પહોંચાડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. એટર્ની જનરલે જણાવ્યું કે ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ સરકારનો નીતિગત નિર્ણય છે અને તેમાં કોઈ ફેરફાર કરવાની હાલ કોઈ શક્યતા નથી.


# પ.બંગાળ વિધાનસભામાં ચાર મહત્વના વિધેયકોને મંજૂરી

કોલકાત્તા,તા.૩૦



પશ્ચિમ બંગાળ વિધાનસભાએ સોમવારે કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા તેમજ અન્ય પછાત વર્ગના અનામત સંબંધિત ચાર મહત્વના વિધેયકોને મંજૂરી આપી છે. આ નિર્ણયને રાજ્ય સરકારની મહત્વપૂર્ણ પહેલ તરીકે જોવામાં આવી રહ્યો છે. નવા કાયદા મુજબ ગુંડાગીરી અને સંગઠિત ગુનાખોરી સામે વધુ અસરકારક કાર્યવાહી કરવા માટે પોલીસને વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. કેટલાક ગંભીર કેસોમાં હવે પોલીસ કોઈ વ્યક્તિને નિયમિત સુનાવણી પૂર્ણ થાય તે પહેલાં પણ વધુમાં વધુ બાર મહિના સુધી અટકાયતમાં રાખી શકશે. સરકારનું માનવું છે કે આ જોગવાઈથી ગંભીર ગુનાઓ પર નિયંત્રણ મેળવવામાં મદદ મળશે, જ્યારે વિરોધ પક્ષે આ જોગવાઈને લઈને ચિંતા વ્યક્ત કરી છે.વિધાનસભાએ અન્ય પછાત વર્ગના અનામતને લગતા બે સુધારા વિધેયકોને પણ મંજૂરી આપી છે. સરકારના જણાવ્યા મુજબ આ સુધારાઓનો હેતુ અનામત વ્યવસ્થાને વધુ અસરકારક અને પારદર્શક બનાવવાનો છે જેથી પાત્ર લોકોને યોગ્ય લાભ મળી શકે. બીજી તરફ રાજ્ય સરકાર સમાન નાગરિક સંહિતા લાવવાની દિશામાં પણ આગળ વધી રહી છે. સરકારના જણાવ્યા મુજબ સંહિતાનો પ્રારૂપ બે જુલાઈએ રાજ્ય મંત્રીમંડળ સમક્ષ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા પછી આવનારા ઓગસ્ટ મહિનામાં તેને વિધાનસભામાં રજૂ કરવાની તૈયારી કરવામાં આવશે. સમાન નાગરિક સંહિતાનો પ્રારૂપ તૈયાર કરવા માટે સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિમાં કાયદા, શિક્ષણ અને અન્ય વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોને સ્થાન આપવામાં આવ્યું છે. સરકારના જણાવ્યા મુજબ સમિતિ એક મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે, જેના આધારે આગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.


# અમરનાથ યાત્રા માટે બાલટાલ રૂટ પર કેબલ કાર પ્રોજેક્ટને કેન્દ્રની મંજૂરી



શ્રીનગર,તા.૩૦

અમરનાથ યાત્રા પર જનાર શ્રદ્ધાળુઓ માટે મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા બાલટાલ રૂટ પર ૧૧.૬ કિલોમીટર લાંબા કેબલ કાર પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. નેશનલ હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડે પ્રોજેક્ટનો ડીપીઆર તૈયાર કર્યો છે અને નવેમ્બર-ડિસેમ્બરમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. એપ્રિલ ૨૦૨૭થી કામ શરૂ કરવામાં આવશે અને વર્ષ ૨૦૨૯ સુધીમાં સેવા શરૂ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. કેબલ કાર બાલટાલના ડોમેલ ગેટથી સંગમ ટોપ સુધી દોડશે.

ગુફાથી લગભગ ૨ કિલોમીટર પહેલા અંતિમ સ્ટેશન બનાવાશે. ત્યારબાદ શ્રદ્ધાળુઓએ માત્ર ૨થી ૩ કિલોમીટર પગપાળા અથવા પાલખીથી જવાનું રહેશે. હાલમાં ૧૪ કિલોમીટરનું મુશ્કેલ ચઢાણ કરવું પડે છે.







# અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર અને મોટા બસ સ્ટેન્ડ વેપારી એસો.એ રાજમહેલના કામની ચકાસણી કરી

અમરેલી,તા.૩૦



અમરેલીના ઐતિહાસિક રાજમહેલ ખાતે ચાલી રહેલા રિનોવેશન કામની અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર તેમજ મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશનના સભ્યોએ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સભ્યોએ કામ સંભાળતા કોન્ટ્રાક્ટર સાથે વિગતવાર ચર્ચા કરી હતી. રિનોવેશનમાં કયા પ્રકારનું મટીરીયલ વપરાઈ રહ્યું છે સહિતની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ચેમ્બરના પ્રમુખ ચતુરભાઈ અકબરી, દિનેશભાઈ ભુવા, હરેશભાઈ સાદરાણી, અંકુરભાઈ સેદાણી, કેતનભાઈ મહેતા તેમજ મોટા બસ સ્ટેન્ડ વેપારી એસો.ના શૈલેષભાઈ ચૌહાણ, ગોપાલભાઈ ભેળવાળા અને રજવાડી પેંડાવાળા સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના કેરાળા ગામે વિધવાને ૯ વિઘા જમીન પરત મળતા રાહત

અમરેલી,તા.૩૦



અમરેલી જિલ્લા પોલીસ અને વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસોથી સાવરકુંડલા તાલુકાના કેરાળા ગામમાં છેલ્લા ૪૦ વર્ષથી ચાલતો જમીન વિવાદ શાંતિપૂર્ણ રીતે ઉકેલાયો છે. કાર્યવાહીમાં પીડિત વિધવા પુરીબેન ઉર્ફે કુંવરબેન દોમડિયાને અંદાજે ૩૦ લાખ રૂપિયાની કિંમત ધરાવતી ૯ વીઘા જમીનનો કબજો પરત અપાવવામાં સફળતા મળી છે. પરિવાર દ્વારા વર્ષો સુધી સરકારી કચેરીઓમાં રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો ન હતો. ત્યારબાદ અમરેલી જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ તંત્ર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અરજી કરવામાં આવી હતી. તપાસની જવાબદારી સાવરકુંડલા ડિવિઝન પોલીસને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કૌટુંબિક ભાઈ બાબુભાઈ દોમડિયાએ વર્ષોથી જમીન પર ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો.

# દામનગર પુલની બિસ્માર હાલતથી વાહનચાલકોને પડતી ભારે હાલાકી

અમરેલી,તા.૩૦



દામનગરમાં જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. દોઢ કરોડના ભારે ખર્ચે નવનિર્મિત ૨૧ નાળા વાળો પુલ અત્યારે ભારે જોખમી બન્યો છે. આ નવા પુલ પર ટૂંકા અંતરે મોટા ખાડા પડી ગયા છે. ચોવીસ કલાક સતત વાહનોથી ધમધમતા આ મુખ્ય માર્ગ પર ગમે ત્યારે ગમખ્વાર અકસ્માત થવાની પૂરેપૂરી આશંકા છે. કોઈ વાહનચાલક પોતાનો જીવ ગુમાવે તે પહેલાં સંબંધિત તંત્ર જાગે અને આ જીવલેણ ખાડાઓનું તાત્કાલિક મરામત કામ કરે તેવી લોક માંગ ઉઠી છે.

# સા.કુંડલા ગુરુકુળ દ્વારા વિદ્યાર્થીઓને ૧૩,૦૦૦ નોટબુકોનું વિતરણ કરાયું

સાવરકુંડલા, તા.૩૦




સાવરકુંડલા ખાતે હરિહર સ્વામીજીની પવિત્ર સ્મૃતિમાં એક ભવ્ય નિ:શુલ્ક નોટબુક વિતરણ સમારોહ યોજાયો હતો. અમેરિકા સ્થિતા શ્રીમતી ભારતીબેન મનુભાઈ કોરડીયા પરિવારના સૌજન્યથી યોજાયેલા આ સેવાયજ્ઞમાં ૨,૭૦૦થી વધુ વિદ્યાર્થીઓને ૧૩,૦૦૦થી વધુ નોટબુકો અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી, મેનેજિંગ ટ્રસ્ટી કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામી તેમજ જૂનાગઢ અને સાવરકુંડલા મંદિરના પધારેલા પૂજ્ય સંતોએ ઉપસ્થિત રહીને આશીર્વાદ પાઠવ્યા હતા. આ કાર્યક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને તથા સાવરકુંડલાના પ્રથમ નાગરિક શ્રીમતી નયનાબેન કાપડિયાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ ઉપરાંત અગ્રણીઓ સર્વ કનુભાઈ ગેડીયા, જીવનભાઈ વેકરીયા, પ્રવિણભાઈ સાવજ, શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ અને પૂર્વ પ્રમુખ શ્રી મેહુલભાઈ ત્રિવેદી સહિત અનેક દાતાઓ, શિક્ષણપ્રેમીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગાધકડામાં આશાપુરા મંદિર ટ્રસ્ટ દ્વારા ૯૨૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ

સાવરકુંડલા, તા. ૩૦



સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે આશાપુરા નારાયણ દેવી મંદિર ટ્રસ્ટ દ્વારા એક પ્રશંસનીય સેવાયજ્ઞ યોજાયો હતો. ગ્રામીણ વિસ્તારનું કોઈ બાળક આર્થિક સંકડામણને કારણે શિક્ષણથી વંચિત ન રહે તેવા હેતુથી ટ્રસ્ટ દ્વારા દીકરા-દીકરીઓને શૈક્ષણિક સામગ્રીનું પ્રદાન કરવામાં આવ્યું હતું. નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે અંદાજે ૯૨૦ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના બાળકો પરથી મોંઘા ભણતરનો બોજ હળવો કરવા માટે ૫૦૦૦ જેટલા પાઠ્યપુસ્તકો પણ એનાયત કરવામાં આવ્યા હતા.

# અમરેલીમાં મહિલાના વાળ પકડી, ઢસડીને જાનથી મારી નાખવાની ધમકી આપી

**ઘરની બહારથી આવતો અવાજ સાંભળીને જોવા નીકળેલી મહિલા પર હુમલો**

અમરેલી, તા.૩૦

અમરેલીમાં ઘરની બહારથી આવતો અવાજ સાંભળીને જોવા નીકળેલી એક મહિલાના વાળ પકડી, તેને ઢસડીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો મામલો સામે આવ્યો છે. આ અંગે રાબિયાબેન સંજયભાઈ બોળીયા (ઉ.વ.૩૪) એ એજાજભાઈ અલ્તાફભાઈ કાકાસાહેબ, ઈમરાનભાઈ અલ્તાફભાઈ કાકાસાહેબ, ઈમરાનભાઈના પત્ની નિશિતાબેન તથા એજાજભાઈની પત્ની રૂક્સારબેન સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, રાબિયાબેનના ઘરની બહાર જોરજોરથી અવાજ આવી રહ્યો હતો, જેથી તેમણે બહાર નીકળીને જોયું તો આરોપીઓ સાહેદ અશરફભાઈ કાજીને ઢીકાપાટુ વડે માર મારી રહ્યા હતા. આથી રાબિયાબેન તથા અન્ય સાહેદો રજાકભાઈ અને જાહિદાબેન તેમને બચાવવા વચ્ચે પડ્યા હતા. આ દરમિયાન ઉશ્કેરાયેલા આરોપીઓએ રાબિયાબેન તથા અન્ય સાહેદોને પણ ઢીકાપાટુનો માર માર્યો હતો. તે દરમિયાન આરોપીઓએ પાઈપ વડે હુમલો કર્યો હતો તેમજ રાબિયાબેનના વાળ પકડીને તેમને ઢસડ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તમામ આરોપીઓએ ભેગા મળીને માર મારતા શરીરે મૂઢ ઈજાઓ પહોંચી હતી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. વાય. કાજી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં આવતીકાલે કેન્સર અને રક્તરોગ માટે તપાસ કાર્યક્રમ

અમરેલી, તા. ૩૦





અમરેલીની શાંતાબા કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ ખાતે ૨ જુલાઈના રોજ સવારે નવથી સાંજે છ વાગ્યા સુધી કેન્સર અને રક્તરોગના દર્દીઓ માટે નિશુલ્ક તપાસ અને માર્ગદર્શન આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સુરતથી જાણીતા હેમેટોલોજિસ્ટ અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાત ડો. હસમુખ બલર, ડો. મયુર મિરુલિયા ઉપસ્થિત રહેશે અને દર્દીઓની તપાસ કરશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા દર્દીઓએ તેમની સુવિધા માટે અગાઉથી મો.નં. ૮૪૮૭૮-૦૦૭૧૦ પર એપોઈન્ટ લેવી. આ કાર્યક્રમ દરમિયાન તમામ પ્રકારના બ્લડ કેન્સર અને થેલેસેમિયા સહિતના વિવિધ રક્તરોગ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. દર્દીઓને સારવાર માટે સેકન્ડ ઓપિનિયન પણ આપવામાં આવશે.

# દામનગર નગરપાલિકાના પ્રવેશદ્વારે વરસાદી પાણી ભરાતા અરજદારોને ભારે મુશ્કેલી

દામનગર, તા. ૩૦



દામનગર નગરપાલિકાના મુખ્ય પ્રવેશદ્વારે વરસાદી પાણી ભરાઈ જતાં અરજદારો અને સ્થાનિક નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વિકાસકાર્યો પાછળ લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, છતાં વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે અસરકારક વ્યવસ્થા જોવા મળતી નથી. પરિણામે દર વર્ષે સમાન સ્થિતિ સર્જાય છે. વરસાદી પાણીનો તાત્કાલિક નિકાલ થાય તેવી કાયમી અને સુદૃઢ વ્યવસ્થા કરવી સમયની માંગ બની છે.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર હરેશ.કે. કોટડીયા (બી.એ.એલ.એલ.બી.એડવોકેટ ) સરનામુ—મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું લાઠી તા. લાઠી જી. અમરેલીના અમે અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના મોજે ગામ પુંજાપાદર ના રેવન્યુ સર્વે નં. ૪૦૦ (જુના રેવન્યુ સર્વે નં. ૪૭) ની જમીન કે જે જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૨—૨૦—૪૮ તથા જેના ગામ નમુના નં. ૮—અ ના ખાતા નં. ૪૩૩ થી અમો શ્રી રામાણી રાજેશકુમાર વેલજીભાઈની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત સર્વે નંબરવાળી કુલ જમીન હે.આરે. ચો.મી. ૨—૨૦-૪૮ બરાબર તેના ઉપરોકત માલીક પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવતા હોય સદરહું ખેડવાણ જમીન કે આ વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક હિત, હિસ્સો, દરદાવો, વરસાઈ હક્ક કે ભરણપોષણનો હકક કે અન્ય કોઈ હકક હોય કે કોઈ સરકારી અર્ધ સરકારી કે કોઈપણ બેંક અથવા પેઢી, મંડળી કે અન્ય કોઈપણ પ્રકારનુ લેણું, કરજ, બોજો કે જામીનગીરી હોય કે કોઈને આ વેચાણ પરત્વે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ— આંઠ (૮) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવ્યા પ્રમાણે સરનામે આધાર પુરાવા સહિત વાંધા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, દર દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજીને અમારા અસિલ ચુકતે અવેજ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી કબ્જો ભોગવટો સંભાળી લેશે સદરહું ખેતીની જમીન ખરીદ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની તમામે નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી.....

સ્થળ :— લાઠી

તારીખ :-૩૦/૦૬/૨૦૨૬

હરેશ કે. કોટડીયા (એડવોકેટ)
૯૮૭૫૦ ૬૨૦૮૮
મામલતદાર કચેરી પાસે, તાલકા શાળા સામે,
મુ. લાઠી તા. લાઠી જી. અમરેલી






-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.193/2026
જન્મ તારીખ : 01/06/1968

વાઢેળ બાબુભાઈ મુળજીભાઈ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત - છારા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વાઢેળ બાબુભાઈ મુળજીભાઈ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મુળજીભાઈ મસરીભાઈ વાઢેળ તથા મુળીબેન મુળજીભાઈ વાઢેળ ના પુત્રી મંજુલાબેન મુળજીભાઈ વાઢેળનો જન્મ તારીખ.01/06/1968 ના રોજ કોડીનાર તાલુકાના છારા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૧૧/૨૦૨૬ તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. જયાબેન મનોજભાઈ જીપરોટ
રહે.ઓડવાડાનું નાકુ, આઝાદ ચોક શ.રી નં.૧, જુના બસ સ્ટેંડ પાસે, સાવરકુંડલા.

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી નગરપાલિકા કચેરી, સાવરકુંડલા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી સતીશ મનોજભાઈ જીપરોટનો જન્મ તા.૦૯/૦૫/૧૯૯૫ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૫૧/૨૦૨૬

અરજદારશ્રી:- માધવજીભાઈ મનજીભાઈ પીપળા
રે.બાઢડા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી, બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી મનજીભાઈ ઉકાભાઈ પીપળા નું મરણ તા.૦૬/૦૫/૨૦૧૧ ના રોજ મુ.બાઢડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# સા.કુંડલામાં મહાપ્રભુજી બેઠક અને વ્હોરા કબ્રસ્તાન માર્ગ પર ગંદકીથી લોકો પરેશાન

સાવરકુંડલા,તા.૩૦

સાવરકુંડલા શહેરમાં મહાપ્રભુજી બેઠકજી તથા વ્હોરા કબ્રસ્તાન તરફ જવાના મુખ્ય માર્ગ પર ગંદકીના ઢગલાઓથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ રસ્તો બીડી કામદાર સોસાયટીમાં જવા માટેનો મુખ્ય માર્ગ હોવાથી રોજિંદા અવરજવર કરતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વ્હોરા સમાજના આગેવાનો દ્વારા ફરિયાદ નિવારણ કેન્દ્રમાં પાંચેક વખત કોલ કરીને રજૂઆત કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ આસપાસ કેટલાક સત્તાધીશોના નિવાસસ્થાન હોવા છતાં સફાઈ અંગે કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ વચ્ચે રહીશોએ તાત્કાલિક સફાઈ કામગીરી હાથ ધરી લોકોને રાહત આપવામાં આવે તેવી તંત્ર સમક્ષ માંગ કરી છે.


તસવીર : સૌરભ દોશી

# અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા ભવ્ય સાહિત્યિક કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૩૦

અમરેલી ખાતે અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા પ્રમુખ મનીષાબેન પંડ્યાની પ્રેરણા અને વરિષ્ઠ સર્જક ઉમેશભાઈ જોષીના પ્રોત્સાહનથી કવિ હર્ષદ ચંદારાણાની કવિતા કેન્દ્રિત "હેત છલકે છે નામમાં કેવું!" શીર્ષક હેઠળ વિશેષ સાહિત્યિક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની પૂર્વભૂમિકા ડૉ. કાલિન્દી પરીખે રજૂ કરી હતી જ્યારે આરાધ્યા શુક્લે પ્રાર્થના ગઝલથી શરૂઆત કરાવી હતી. ઉમેશભાઈ જોષીએ સ્વાગત કરી સંસ્થાની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. જાણીતા કવયિત્રી અને વાર્તાકાર પારુલ ખખ્ખરે હર્ષદ ચંદારાણાની કવિતાના વિવિધ આયામો પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. પરેશ મહેતાએ કવિ સાથેની સાહિત્યિક યાદો વહેંચી હતી. કેતન જોષી અને અલ્પા રાવલે કાવ્યપાઠ કરી ઉપસ્થિતોને ભાવવિભોર કર્યા હતા. અનેક કવિઓ અને સાહિત્યરસિકોએ કાવ્યપાઠ કરીને કવિને ભાવાંજલિ અર્પી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. કાલિન્દી પરીખ અને ડૉ. નિરૂપા ટાંકે કર્યું હતું, જ્યારે આભારવિધિ કેતન જોષીએ કરી હતી.




# ધારીના સરસીયા ગામે આધેડને ગાળો આપી જાનથી મારવાની ધમકી

ધારી, તા. ૩૦

ધારીના સરસીયા ગામે એક આધેડ પુરુષને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો મામલો સામે આવ્યો છે. આ અંગે ધીરૂભાઈ રામજીભાઈ આગરોલીયાએ હસમુખભાઈ મોહનભાઈ ચારોલા, મુનીબેન હસમુખભાઈ ચારોલા, હર્ષદભાઈ હસમુખભાઈ ચારોલા, નરેશભાઈ હસમુખભાઈ ચારોલા, હિતેષ હસમુખભાઈ ચારોલા તથા હસમુખભાઈના ભત્રીજા મેરૂ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીઓએ ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ તેમના પરિવારના અન્ય સભ્યોને પણ મૂઢમાર મારીને જાનથી પતાવી દેવાની ધમકી આપી હતી.

# ચલાલા નાગરિક સહકારી મંડળીની ૬૮મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ: રૂ. ૨.૧૯ લાખનો ચોખ્ખો નફો

ચલાલા, તા. ૩૦

શ્રી ચલાલા નાગરિક સહકારી મંડળી લિમિટેડની ૬૮મી વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ શ્રી મનસુખભાઈ સાપરીયાના અધ્યક્ષસ્થાને ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીર બાપુ ભગત, સહકારી આગેવાન જયંતીભાઈ પાનસુરીયા અને નગરપાલિકાના પ્રમુખપતિ જયરાજભાઈ વાળા સહિતના મહાનુભાવોનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.મંડળીના મંત્રી શ્રી દિનેશભાઈ કાબરીયાએ વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક હિસાબ રજૂ કરતા જણાવ્યું કે, કરકસરયુક્ત અને પારદર્શક વહીવટના કારણે મંડળીએ રૂ. ૨,૧૯,૮૭૧નો ચોખ્ખો નફો મેળવ્યો છે.મંડળીની મુખ્ય વિશિષ્ટતા એ છે કે તે કોઈ બાહ્ય કરજ લેતી નથી અને સભાસદોને માત્ર ૧૨ ટકા વ્યાજે ધિરાણ આપે છે. આજ દિન સુધી મંડળીનો એક પણ સભાસદ ડિફોલ્ટર થયો નથી કે કોઈની સામે કોર્ટ કેસ કરવો પડ્યો નથી. સભાના અંતે પ્રમુખે આભાર વિધિ કરી હતી.



તસવીર : પ્રકાશ કારીયા

# સા.કુંડલા તાલુકાના વાંશિયાળી ગામે નિઃશુલ્ક ટીબી એક્સ-રે કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા. ૩૦

સરકારના 'ટીબી મુક્ત ભારત'ના અભિયાનના ભાગરૂપે '૧૦૦ ડેઈઝ ટીબી કેમ્પેઈન' હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત વાંશિયાળી ગામે વિશેષ ટીબી નિદાન શિબિરનું આયોજન કરાયું હતું. મોટા ઝીંઝુડા પીએચસી (PHC) હેઠળના વાંશિયાળીમાં યોજાયેલા આ કેમ્પમાં આધુનિક હેન્ડહેલ્ડ એક્સ-રે મશીન દ્વારા શંકાસ્પદ દર્દીઓની સ્થળ પર જ તપાસ કરવામાં આવી હતી. આ નિઃશુલ્ક શિબિરનો લાભ ગામના ૫૪ જેટલા જોખમ ધરાવતા લાભાર્થીઓએ લીધો હતો, જ્યાં તેમના ડિજિટલ એક્સ-રે પાડીને તપાસ કરવામાં આવી હતી.



# અમરેલીના નાના માચિયાળા ગામે વ્યાજખોરના ત્રાસથી કંટાળી યુવકે ઝેરી દવા પીધી

**બાઇક પડાવી પઠાણી ઉઘરાણી કરી હોવાનો આક્ષેપ**

અમરેલી, તા. ૩૦

અમરેલીના નાના માચિયાળા ગામે વ્યાજખોરોના આતંકનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. વ્યાજની પઠાણી ઉઘરાણી અને બાઈક પડાવી લેવાની ધમકીથી કંટાળીને એક લાચાર યુવકે ઝેરી દવા ગટગટાવી લેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, નાના માચિયાળા ગામના ગૌતમભાઈ દેવશીભાઈ ચાચીયા (ઉ.વ. ૨૮)ના આજથી બે વર્ષ પહેલાં લગ્ન હતા. લગ્ન પ્રસંગે પૈસાની તાતી જરૂરિયાત ઊભી થતાં તેમણે રૂ. ૭૦,૦૦૦ માસિક ૧૦%ના ઊંચા વ્યાજે લીધા હતા. યુવકે પોતાની ક્ષમતા મુજબ શરૂઆતના સાતેક મહિના સુધી નિયમિત વ્યાજ ચૂકવ્યું હતું. પરંતુ ત્યારબાદ આર્થિક પરિસ્થિતિ વધુ ખરાબ થતાં તે વ્યાજના નાણાં ચૂકવી શક્યો ન હતો. તા. ૨૮/૦૬/૨૦૨૬ના રોજ ભોગ બનનાર યુવક પોતાનું મોટરસાયકલ લઈને અમરેલી આવ્યો હતો. આ દરમિયાન આરોપીએ તેને હઠીલા હનુમાન મંદિર પાસે રસ્તા પર જ અટકાવ્યો હતો. આરોપીએ જાહેરમાં વ્યાજ અને મુદ્દલ રકમે કડક ઉઘરાણી શરૂ કરી દીધી હતી. આનાથી ડરી ગયેલા યુવકે પોતાનું મોટરસાયકલ આરોપીને સોંપી દેવું પડ્યું હતું. મોટરસાયકલ પડાવી લીધા બાદ પણ આરોપીએ ધમકાવતા કહ્યું હતું કે, 'મારા વ્યાજ અને મુદ્દલના આખા રૂપિયા આપી જા અને પછી જ તારું મોટરસાયકલ અહીંથી લઈ જજે.' સમાજમાં પ્રતિષ્ઠા ખરડાવાના ડરે અને વ્યાજ ન ચૂકવી શકવાની લાચારીના કારણે તેને ભારે લાગી આવ્યું હતું. અંતે કંટાળીને યુવકે ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં જેક છટકી જતાં ટ્રક નીચે દબાવાથી મોત : જિલ્લામાં અપમૃત્યુની બે ઘટના બની

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં અપમૃત્યુની બે ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ હતી.

રાજુલામાં રહેતા નાગજીભાઈ તેજાભાઈ ચાવડાએ જાહેર કર્યા મુજબ, મહેશભાઈ તેજાભાઈ ચાવડાની ટ્રકનું ટાયર ગટરમાં ફસાઈ ગયું હતું. તેઓ જ્યારે ટ્રક ઊંચી કરવા જેક લગાવી રહ્યા હતા, તે દરમિયાન જેક અચાનક છટકી ગયો હતો. આ અકસ્માતમાં તેઓ ટ્રક નીચે દબાઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

બીજી ઘટનામાં, બાબરાના કરિયાણા ગામે રહેતા ભરતભાઈ મેરામભાઈ વાઘેલાએ જાહેર કર્યા મુજબ, તેમની ૨૨ વર્ષીય પુત્રી કિંજલબેન કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયાં હતાં.

તેમને તાત્કાલિક રાજકોટ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.






# જાફરાબાદ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

જાફરાબાદ,તા.૩૦

જાફરાબાદ ખાતે અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ, નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ અને હનુમંત હોસ્પિટલ, મહુવાના સંયુક્ત ઉપક્રમે તથા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ રવિવારે તાલુકા શાળા, જાફરાબાદ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં દર્દીઓને વિનામૂલ્યે વિવિધ રોગોનું નિદાન તેમજ દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં આંખની તપાસ (ડૉ. પ્રિયેશ શ્રોફ), કાન-નાક-ગળાની તપાસ (ડૉ. વિપુલ વણીયા),ફેફસાં અને ક્રિટિકલ કેરની તપાસ (ડૉ. બકુલ કાલસરિયા),હાડકા-સાંધાની તપાસ (ડૉ. પ્રતાપ ભાટીયા),સ્ત્રી રોગ તપાસ (ડૉ. મિતલ પુરોહિત),બાળ રોગ નિષ્ણાત (ડૉ. લાલજી બાબલા), દાંતના સર્જન (ડૉ. વિરેન આભાણી), કસરતના નિષ્ણાત (ડૉ. મીત જોષી) સહિત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાત ડોક્ટરો દ્વારા કુલ ૩૫૧ દર્દીઓની તપાસ કરવામાં આવી અને જરૂરી દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવી. કાર્યક્રમનો પ્રારંભ અલ્ટ્રાટેક સિમેન્ટના યુનિટ હેડ રાજેશ આનંદ, હનુમંત હોસ્પિટલના ટ્રસ્ટી વિનુભાઈ વોરા, હનુમંત હોસ્પિટલની ટીમ, ડૉ. કિંજલ ગજ્જર, શાળાના આચાર્ય સંતોકબેન ડોડીયાના તેમજ મુકેશભાઈ વાઢેરના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.



# અમરેલી જિલ્લામાંથી ૧૮ પ્યાસી ઝડપાયા

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળોએથી ૧૮ લોકોને પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપી પાડ્યા હતા.

બાબરાના કોટડાપીઠા ગામેથી ૧૪ લીટર સહિત જિલ્લામાં ૭ સ્થળોએથી કુલ ૩૩ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

## અવસાન નોંધ

**બગસરા**

ભેસાણ નિવાસી મંજુલાબેન જયશંકરભાઈ બોરીસાગર ઉંમર વર્ષ ૮૨ તે જયશંકરભાઈ ગોરધનભાઈ બોરીસાગરના ધર્મપત્ની તેમજ પરેશભાઈ તથા સુમિતાબેન વેણીશંકરભાઈ ધાંધિયાના માતુશ્રી તથા પ્રજ્ઞાબેનના સાસુ તથા હિતેષભાઇ તથા અભિષેભાઈના દાદીમાં પૂજાબેનના સાસુમાં તેમજ વેણીશંકરભાઈના સાસુમાંનું દુઃખદ અવસાન થયેલ છે.






-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.207/2026
જન્મ તારીખ : 01/06/1966

શ્રી પ્રતાપભાઈ દાનાભાઈ વાળા,
રહે.સરખડી, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત - સરખડી, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી પ્રતાપભાઈ દાનાભાઈ વાળા, રહે.સરખડી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી દાનાભાઈ વાળા તથા શ્રી રાજુબેન દાનાભાઈ વાળા ના પુત્ર વાળા ધીરુભાઈ દાનાભાઈનો જન્મ તારીખ.01/06/1966 ના રોજ કોડીનાર તાલુકાના સરખડી મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર




**તંત્રી લેખ**

# ગ્રીન એનર્જી તરફ ગુજરાતની મજબૂત દિશા

વિશ્વભરમાં વધતા કાર્બન ઉત્સર્જન, આબોહવા પરિવર્તન અને ઊર્જાની વધતી માંગને ધ્યાનમાં લેતાં સ્વચ્છ અને ટકાઉ ઊર્જા તરફ આગળ વધવું હવે સમયની સૌથી મોટી જરૂરિયાત બની ગયું છે. ભારતે વર્ષો પહેલાં જ ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવાનો સંકલ્પ કર્યો હતો, જેમાં ગુજરાત અગ્રણી રાજ્ય તરીકે ઊભર્યું છે. રાજ્ય સરકારની વિવિધ નીતિઓ અને નવી પહેલો દર્શાવે છે કે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે ગંભીર પ્રયાસો થઈ રહ્યા છે. ગુજરાતે સોલાર અને પવન ઊર્જાના ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. રાજ્યમાં વિશાળ સોલાર પાર્ક, પવન ઊર્જા પ્રોજેક્ટ અને નવીનીકરણીય ઊર્જાના માળખાના વિકાસથી ગુજરાત દેશના અગ્રણી ગ્રીન એનર્જી ઉત્પાદક રાજ્યોમાં સ્થાન મેળવી ચૂક્યું છે. હવે ગ્રીન હાઈડ્રોજન, ઊર્જા સંગ્રહ અને સ્માર્ટ ગ્રીડ જેવી આધુનિક ટેક્નોલોજી તરફ પણ રાજ્ય ઝડપથી આગળ વધી રહ્યું છે. આ પ્રયાસો માત્ર વીજ ઉત્પાદન પૂરતા મર્યાદિત નથી, પરંતુ સમગ્ર અર્થતંત્રને વધુ પર્યાવરણમૈત્રી બનાવવાના છે. ગ્રીન એનર્જીનું સૌથી મોટું મહત્વ એ છે કે તે કોલસો અને પેટ્રોલિયમ જેવા પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડે છે. આ ઈંધણો મર્યાદિત હોવા ઉપરાંત મોટા પ્રમાણમાં કાર્બન ઉત્સર્જન કરે છે, જ્યારે સૂર્ય અને પવન જેવા કુદરતી ઊર્જા સ્ત્રોતો અખૂટ અને સ્વચ્છ છે. લાંબા ગાળે તેનો ઉપયોગ વધુ કિફાયતી પણ સાબિત થાય છે. તેથી ગુજરાતે નવીનીકરણીય ઊર્જાના વિકાસને પ્રાથમિકતા આપીને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં ભર્યાં છે. રાજ્ય સરકાર ઉદ્યોગોને ગ્રીન વીજળી ઉપલબ્ધ કરાવવા માટે પણ અસરકારક આયોજન કરી રહી છે. મોટા ઉદ્યોગો ઉપરાંત નાના અને મધ્યમ ઉદ્યોગોને પણ સ્વચ્છ ઊર્જાનો લાભ મળી રહે તે માટે ક્લસ્ટર આધારિત મોડલ વિકસાવવામાં આવી રહ્યું છે. આથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે, આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મકતા વધશે અને પર્યાવરણ પરનો બોજ પણ ઓછો થશે. આજે વૈશ્વિક બજારમાં કાર્બન ફૂટપ્રિન્ટનું મહત્વ સતત વધી રહ્યું છે, ત્યારે ગ્રીન એનર્જી ભારતીય ઉદ્યોગોને નવી તાકાત આપી શકે છે. ગ્રીન એનર્જીના વિકાસથી રોજગારીની નવી તકો પણ ઊભી થશે. સોલાર પેનલ, બેટરી, ગ્રીન હાઈડ્રોજન અને ઊર્જા સંગ્રહ સાથે જોડાયેલા ઉદ્યોગોમાં રોકાણ વધશે, જેના કારણે યુવાનો માટે રોજગારની નવી તકો સર્જાશે. સાથે જ સંશોધન, નવીનતા અને કુશળ માનવબળના વિકાસને પણ વેગ મળશે, જે રાજ્યની આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. અવશ્ય, ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં કેટલાક પડકારો પણ છે. ઊર્જા સંગ્રહની સુવિધાઓનો વિકાસ, વીજ માળખાને વધુ મજબૂત બનાવવું, પ્રારંભિક રોકાણમાં વધારો અને નવી ટેક્નોલોજીને ઝડપથી અપનાવવી જેવી બાબતો પર સતત ધ્યાન આપવાની જરૂર છે. યોગ્ય નીતિ, ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને લાંબા ગાળાના આયોજન દ્વારા આ પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી શકાય છે. ભારતે વર્ષ ૨૦૭૦ સુધી નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ લક્ષ્ય હાંસલ કરવામાં ગુજરાતની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે. જો રાજ્યની ગ્રીન એનર્જી નીતિઓ અસરકારક રીતે અમલમાં આવશે, તો ગુજરાત સમગ્ર દેશ માટે એક પ્રેરણાદાયી મોડેલ બની શકે છે. ગ્રીન એનર્જી માત્ર સ્વચ્છ વીજળીનું સાધન નથી, પરંતુ પર્યાવરણની સુરક્ષા, આર્થિક સમૃધ્ધિ અને ટકાઉ વિકાસ તરફ લઈ જતો રાષ્ટ્રનિર્માણનો મજબૂત માર્ગ છે.

# રાજકોટ જેલમાંથી પેરોલ રજા પરથી ફરાર પાકા કામના કેદીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

**બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે કેદીને મુંબઈથી ઝડપી જેલ હવાલે કર્યો**

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લામાં ગંભીર ગુનાઓ આચરી નાસતા ફરતા અને જેલમાંથી પેરોલ/ફર્લો કે વચગાળાના જામીન પરથી ફરાર થયેલા કેદીઓને પકડવા પોલીસે સઘન ઝુંબેશ હાથ ધરી છે. આ અંતર્ગત એલ.સી.બી. ટીમે ખાંભા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના કામે રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ૧૧ જૂન ૨૦૨૬ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમથી પેરોલ રજા પર મુક્ત થયેલા કેદીને ઝડપી પાડ્યો છે.



આ કેદીને ૨૨ જૂન ૨૦૨૬ના રોજ જેલમાં હાજર થવાનું હતું, પરંતુ તે હાજર ન થઈને ફરાર થઈ ગયો હતો.

આરોપી વનરાજ ઉર્ફે પપ્પુ લાલજીભાઈ બાબરીયા (રહે. રાજુલા) ને બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે મુંબઈ ખાતેથી ઝડપી પાડી, ફરી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# લાઠીના અકાળા ગામના ખેડૂત સાથે સાયબર ફ્રોડ

**ભૂલથી રૂપિયા ટ્રાન્સફર થયાનું કહી વિશ્વાસ જીત્યો હતો**

લાઠી, તા. ૩૦

લાઠીના અકાળા ગામના એક ખેડૂત સાથે સાયબર ફ્રોડની ઘટના સામે આવી છે. બેંક ખાતામાં ભૂલથી રૂપિયા ટ્રાન્સફર થયા હોવાનું કહી વિશ્વાસ જીત્યા બાદ આ છેતરપિંડી આચરવામાં આવી હતી.આ બનાવ સંદર્ભે બટુકભાઈ વલ્લભભાઈ લુખી (ઉં.વ. ૫૯) એ જાહેર કરેલી વિગતો મુજબ, એક અજાણ્યા શખ્સે પોતાની ખોટી ઓળખ આપી ખેડૂતના Google Pay એકાઉન્ટમાં ભૂલથી રૂ. ૩૫,૦૦૦ તેમજ રૂ. ૫૫,૦૦૦ ટ્રાન્સફર થઈ ગયા હોવાની ખોટી વાત જણાવી તેમને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ આરોપીએ ખેડૂતના Google Pay એકાઉન્ટમાંથી કુલ રૂ. ૯૮,૦૦૦ ની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લઈ સાયબર ફ્રોડ આચર્યો હતો. હાલ લાઠી પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ. બી. ઔસુરા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# હિંડોરણા ગામે ગોળ કુંડાળું વળી જુગાર રમતા ૮ ઈસમો ઝબ્બે

રાજુલા, તા. ૩૦

રાજુલાના હિંડોરણા ગામે ગોળ કુંડાળું વળી જુગાર રમતા ૮ ઈસમો ઝડપાયા હતા. ધનજીભાઈ ધીરૂભાઈ મહેતા, કિશનભાઈ ઉર્ફે હિતો રાજેશભાઈ કવાડ, આતુભાઈ રામભાઈ બારૈયા, રાજુભાઈ સાર્દુલભાઈ ભીલ, ડાયાભાઈ રામભાઈ બાંભણીયા, ચંદુભાઈ નનાભાઈ વાઘેલા, સુનીલભાઈ પાંચાભાઈ બાંભણીયા અને રમેશભાઈ મનુભાઈ બાંભણીયા બ્લોકવાળી શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં ગોળ કુંડાળું વળી પૈસા-પાનાથી હાર-જીતનો જુગાર રમતા જુદા જુદા દરની નોટો મળી કુલ રોકડા રૂ. ૧૨,૨૩૦ સાથે ઝડપાયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના ઐતહાસિક રેલ્વે સ્ટેશનને સુરક્ષિત રાખવા નારણ કાછડીયાની માંગ

અમરેલી,તા.૩૦

અમરેલીનું ૧૧૪ વર્ષ જૂનું રેલવે સ્ટેશન હાલ વિવાદમાં આવ્યું છે. ૧૦૦ વર્ષથી વધુ જૂની રેલવે ઈમારતોને યથાવત રાખવાના નિયમ હોવા છતાં કોન્ટ્રાક્ટર અને કામગીરી સંભાળતી એજન્સીની બેદરકારીના કારણે સ્ટેશનની વચ્ચોવચથી રેલવે ટ્રેક કાઢવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આ કામગીરીના કારણે અમરેલીની ઐતિહાસિક ઓળખ સમાન રેલવે સ્ટેશનનું અસ્તિત્વ જોખમમાં મુકાયું હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.



ખીજડિયા ટ્રેકના કામ દરમિયાન વર્ષો જૂની વિરાસતને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. સમગ્ર મામલે પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, નિયમોની અવગણના કરીને ઐતિહાસિક ધરોહરને નષ્ટ કરવાની કોશિશ થઈ રહી છે.

જવાબદાર કોન્ટ્રાક્ટર અને સંબંધિત એજન્સી સામે તપાસ કરીને કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ અમરેલીના ઐતિહાસિક રેલવે સ્ટેશનને સુરક્ષિત રાખવા તાત્કાલિક પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# બગસરામાં જૂની અદાવતમાં બબાલઃ સામસામી ફરિયાદ

બગસરા, તા. ૩૦

બગસરામાં જૂની અદાવતમાં બે પક્ષો વચ્ચે બબાલ થઈ હતી, જેમાં બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી છે.

પ્રથમ પક્ષના અમીનભાઈ અલારખભાઈ કાળવાતર (ઉં.વ. ૩૫)એ યાસીનભાઈ ઉર્ફે લાલો મહમદભાઈ કાળવાતર, સરફરાજભાઈ મહમદભાઈ કાળવાતર, મહમદ ઉર્ફે ડબરો હબીબભાઈ કાળવાતર, શાબીરભાઈ રહીમભાઈ કાળવાતર અને જીલાનીભાઈ હનીફભાઈ કાળવાતર સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ પ્રમાણે, જૂના મનદુઃખના કારણે આરોપીએ હાથમાં રહેલી તલવાર વડે તેમના માથાના પાછળના ભાગે ઘા માર્યો હતો તેમજ અન્ય આરોપીઓએ જેમ ફાવે તેમ ઢીકાપાટુનો મૂઢમાર મારી ઈજા પહોંચાડી હતી. જેની સામે વળતી ફરિયાદમાં યાસીનભાઈ મહમદભાઈ કાળવાતર (ઉં.વ.૩૦)એ મહમદભાઈ ઉર્ફે વાંદરી ઓસમાણભાઈ કાળવાતર, અવેશ હુસૈનભાઈ કાળવાતર, અમીનભાઈ અલારખભાઈ કાળવાતર તથા અલ્તાફ ઉર્ફે ભુરો અલારખભાઈ કાળવાતર સામે ગુનો નોંધાવ્યો છે. વળતી ફરિયાદ મુજબ, જૂના મનદુઃખમાં આરોપીઓએ ગાળો આપી બોલાચાલી કરી હતી અને તલવાર વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી તેમજ તેમને તથા સાહેદ સરફરાજભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કલસરીયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં આધેડને મૂંઢમાર માર્યાની ફરિયાદ

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલામાં નજીવી બાબતે માથાકૂટ થઈ હતી. ભીખાભાઈ પ્રતાપભાઈ ચલ્લા (ઉં.વ.૫૪)એ લલીતભાઈ વસંતભાઈ ગઢીયા (ઉં.વ.૫૦) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના પાડોશી વિનુભાઈ પરમાર સાથે સોસાયટીનો ગેઈટ બંધ કરવા બાબતે વાતચીત કરતા હતા. તે દરમિયાન આરોપીએ તેમને ગાળો આપી, માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૬૧૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૮૬ |
| જુવાર સફેદ | ૯૭૦ | ૧૧૩૫ |
| જુવાર લાલ | ૧૧૨૫ | ૧૧૭૮ |
| જુવાર પીળી | ૪૪૦ | ૫૩૨ |
| બાજરી | ૩૦૦ | ૪૮૧ |
| મકાઇ | ૩૫૦ | ૪૩૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૫૭ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ચણા સફેદ | ૧૧૪૫ | ૧૭૭૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૮૧૫ |
| મગ | ૧૨૦૧ | ૧૭૫૫ |
| વાલ દેશી | ૭૧૦ | ૮૭૪ |
| ચોળી | ૧૦૬૦ | ૧૨૨૧ |
| વટાણા | ૭૦૦ | ૧૧૦૭ |
| કળથી | ૩૭૫ | ૫૨૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૮૪૦ |
| સીંગદાણા | ૧૬૨૫ | ૧૮૭૦ |
| મગફળી જાડી | ૧૧૨૦ | ૧૫૪૫ |
| મગફળી જીણી | ૧૧૦૫ | ૧૫૦૫ |
| તલી | ૧૮૦૦ | ૨૪૩૫ |
| એરંડા | ૧૨૫૧ | ૧૩૯૬ |
| અજમો | ૨૦૦૦ | ૨૭૦૧ |
| સુવા | ૧૧૦૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૪૦૧ |
| સીંગફાડા | ૧૩૦૩ | ૧૬૪૮ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૮૧૦ |
| લસણ | ૧૦૭૦ | ૨૬૦૦ |
| ધાણા | ૨૩૮૦ | ૨૯૦૦ |
| ધાણી | ૨૪૫૦ | ૩૦૦૬ |
| વરીયાળી | ૧૦૦૦ | ૨૦૩૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૪૧ |
| રાય | ૧૩૪૦ | ૧૭૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૬૫૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૨૦૦૦ |
| કલોંજી | ૩૨૬૦ | ૩૫૨૫ |
| રાયડો | ૧૨૫૦ | ૧૪૩૪ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૯૮૩૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૫ | ૬૧૩ |
| લીંબુ | ૭૭૩ | ૧૫૭૮ |
| પપૈયા | ૧૧૮ | ૨૩૬ |
| બટેટા | ૮૫ | ૨૯૬ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૪૭૧ |
| ટમેટા | ૪૩૧ | ૬૪૯ |
| સુરણ | ૭૯૧ | ૯૯૮ |
| કોથમરી | ૫૫૯ | ૧૧૬૮ |
| રીંગણા | ૨૦૫ | ૪૫૯ |
| કોબીજ | ૧૮૯ | ૪૫૮ |
| ફ્લાવર | ૩૩૨ | ૫૭૯ |
| ભીંડો | ૩૭૩ | ૭૨૪ |
| ગુવાર | ૭૨૪ | ૧૩૮૮ |
| ચોળાસીંગ | ૬૬૪ | ૧૬૯૩ |
| ટીંડોળા | ૩૨૧ | ૭૩૮ |
| દુધી | ૨૭૮ | ૪૬૭ |
| કારેલા | ૩૫૭ | ૭૧૧ |
| સરગવો | ૫૧૪ | ૧૦૨૩ |
| તુરીયા | ૫૧૮ | ૭૩૧ |
| પરવર | ૪૨૩ | ૬૪૧ |
| કાકડી | ૩૩૬ | ૮૫૬ |
| ગાજર | ૪૧૩ | ૫૫૯ |
| વટાણા | ૧૮૩૧ | ૨૪૧૧ |
| ગલકા | ૨૪૮ | ૪૫૯ |
| બીટ | ૩૧૫ | ૫૨૧ |
| મેથી | ૯૮૧ | ૧૫૯૩ |
| ડુંગળી લીલી | ૧૩૭૮ | ૧૭૬૬ |
| આદુ | ૨૦૪૪ | ૨૫૧૧ |
| મરચા લીલા | ૮૧૫ | ૧૦૩૧ |
| મકાઇ લીલી | ૨૨૨ | ૪૪૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૪૧ | ૧૮૧૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૬ |
| મગફળી જીણી | ૧૧૪૧ | ૧૭૩૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૨૪૧ | ૧૪૧૬ |
| જીરૂ | ૨૩૫૧ | ૪૨૩૧ |
| કલંજી | ૧૪૦૧ | ૩૪૯૧ |
| ધાણા | ૧૯૦૧ | ૩૧૮૧ |
| લસણ સુકું | ૧૦૭૧ | ૨૫૨૧ |
| ડુંગળી લાલ | ૧૬૧ | ૫૭૧ |
| અડદ | ૫૦૦ | ૧૮૦૧ |
| મઠ | ૩૫૧ | ૩૫૧ |
| તુવેર | ૯૫૧ | ૧૪૮૧ |
| રાયડો | ૧૩૧૧ | ૧૩૧૧ |
| રાય | ૧૩૭૬ | ૧૬૨૧ |
| મેથી | ૮૭૬ | ૧૬૮૧ |
| કાંગ | ૩૦૦ | ૬૬૧ |
| સુરજમુખી | ૯૦૧ | ૯૦૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૯૬ |
| સફેદ ચણા | ૧૦૭૧ | ૧૭૯૧ |
| તલ - તલી | ૧૮૯૧ | ૨૫૧૧ |
| ધાણી | ૨૦૦૧ | ૩૧૯૧ |
| બાજરો | ૨૧૧ | ૪૮૧ |
| જુવાર | ૩૦૦ | ૧૧૧૧ |
| મકાઇ | ૩૮૧ | ૬૪૧ |
| મગ | ૧૦૦૦ | ૧૧૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| વાલ | ૨૩૧ | ૧૦૦૧ |
| વાલ પાપડી | ૧૭૭૬ | ૧૭૭૬ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૪૫૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૫૩૧ |
| રજકાનું બી | ૭૯૦૧ | ૭૯૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૧૧ |
| વટાણા | ૩૭૧ | ૮૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૩૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૪૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૮ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૭ |
| બીટ પુરા | ૧૦ | ૩૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૬૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦૦ |
| આદુ | ૨૪૦૦ | ૪૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૧૦ | ૧૩૧૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૩૩૦ |
| શિંગ દાણા | ૧૪૦૦ | ૧૯૦૦ |
| શિંગ દાણા ફાડા | ૧૨૦૦ | ૧૭૭૦ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૨૭૦૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૯૫૫ |
| તલ કાશમીરી | ૨૨૭૦ | ૨૪૧૫ |
| બાજરો | ૩૪૦ | ૪૦૦ |
| જુવાર | ૪૪૦ | ૧૦૯૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૨૫ |
| મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| મગ | ૧૦૪૦ | ૧૬૧૫ |
| અડદ | ૧૧૪૦ | ૧૧૮૦ |
| ચણા | ૮૫૫ | ૧૧૫૦ |
| સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૬૫ |
| તુવેર | ૮૧૦ | ૧૪૩૦ |
| કપાસ | ૯૯૦ | ૧૯૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| જીરુ | ૨૦૦૦ | ૪૧૫૦ |
| ધાણા | ૨૪૫૦ | ૨૯૦૫ |
| ધાણી | ૨૩૭૦ | ૨૯૨૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૧૧૬૦ | ૧૫૪૦ |
| રજકાનું બી | ૩૫૭૫ | ૯૧૫૦ |
| કલોંજી | ૨૫૮૦ | ૨૫૮૦ |
| અળસી | ૧૦૦૦ | ૧૬૭૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૨૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૭૫૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૬૦૦ | ૬૫૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૬૫૦ | ૭૫૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૬૨૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૮૦૦ | ૨૯૦૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૮૫૦ | ૧૦૨૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૩૦૦૦ | ૩૨૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૨૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૬૫૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૪૪૦ | ૫૬૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૬૫૦ | ૭૫૦ |
| લીબુ | ૭૦૦ | ૧૦૨૦ |
| મકાઈ | ૨૪૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૫૦ | ૧૪૧૬ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૫૬ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૬૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૭૫૦ |
| કપાસ | ૧૭૬૦ | ૧૯૧૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૦ |
| બાજરો | ૪૦૦ | ૫૧૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૬૦ |
| મગ | ૧૫૦૦ | ૧૬૪૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૪૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૨૦ | ૧૮૦૫ |
| કપાસ મીડી. | ૧૫૧૦ | ૧૬૧૦ |
| મગફળી | ૧૨૧૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૪૩૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૩૦૯૦ | ૩૪૨૦ |
| જીરૂ | ૩૦૧૦ | ૩૯૫૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૧૫૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| મગ | ૧૪૧૦ | ૧૫૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| મગફળી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ઘઉં લોકવન | ૪૩૮ | ૪૯૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૪૯૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ધાણા | ૧૮૦૦ | ૨૭૮૦ |
| ચણા સફેદ | ૯૫૦ | ૯૫૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૧૧૩૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૭૦૫ | ૨૫૭૦ |
| એરંડી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| લશણ | ૧૦૧૦ | ૧૩૨૫ |
| મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| શીંગફાડા | ૧૫૧૫ | ૧૫૧૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૧૦ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૭૫ |
| ચણા | ૯૧૦ | ૧૦૬૫ |
| તુવેર | ૧૧૬૦ | ૧૪૧૦ |
| ધાણા | ૨૪૨૦ | ૨૭૧૦ |
| મગ | ૧૪૫૦ | ૧૫૯૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૪૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૩૩૫ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૧ |
| જુવાર | ૭૭૭ | ૭૭૭ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૯૦ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૧૯૫૧ | ૨૫૨૫ |
| તલ કાળા | ૨૫૩૭ | ૨૫૩૭ |
| કપાસ | ૧૨૮૧ | ૧૭૯૦ |
| બાજરો | ૪૦૧ | ૫૧૯ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૨ |
| જુવાર | ૫૭૫ | ૧૧૮૦ |
| મકાઈ | ૪૪૧ | ૪૪૧ |
| મગ | ૧૬૪૦ | ૧૬૪૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૭૪૦ |
| તુવેર | ૭૦૭ | ૭૦૭ |
| ચણા | ૧૦૭૧ | ૧૧૧૧ |
| એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ચોળી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| અજમાં | ૧૬૦૧ | ૧૬૦૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૪૪૫ | ૧૧૦૫ |
| બાજરો | ૩૦૦ | ૪૬૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૧૫ |
| મગ | ૧૩૦૦ | ૧૫૯૫ |
| અડદ | ૯૯૦ | ૧૭૫૦ |
| તુવેર | ૧૦૫૫ | ૧૧૯૦ |
| ચોળી | ૬૭૦ | ૧૫૭૦ |
| વાલ | ૨૨૦ | ૧૦૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૪૭ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૫૦ |
| એરંડા | ૧૨૬૦ | ૧૩૬૫ |
| તલ | ૧૫૦૦ | ૨૫૫૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૮૧૦ |
| રાયડો | ૯૦૦ | ૧૩૭૪ |
| રાય | ૧૩૫૦ | ૧૬૦૫ |
| લસણ | ૮૦૦ | ૨૩૯૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૦૨૫ |
| ધાણા | ૨૪૪૦ | ૨૯૦૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૩૭૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૮૭૫ |
| વટાણા | ૪૬૫ | ૮૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૭૯૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૫ |
| મકાઈ | ૩૭૬ | ૩૭૬ |
| મગ | ૧૦૦૧ | ૧૬૧૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૫૧ |
| ચોળી | ૧૨૭૬ | ૧૨૭૬ |
| અડદ | ૮૫૧ | ૧૭૩૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૧૧ |
| મગફળી | ૬૫૧ | ૧૨૧૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૦૪૧ |
| શિંગફાડા | ૧૨૦૧ | ૧૬૧૬ |
| એરંડા | ૧૦૮૧ | ૧૦૮૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૫૬ |
| તલ કાળા | ૧૭૦૧ | ૩૨૨૬ |
| મેથી | ૮૦૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૮૧ |
| લસણ | ૧૦૦૧ | ૧૭૭૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૮૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૫૧૫ |
| મગફળી નવી | ૧૧૭૦ | ૧૪૬૬ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૧૧ | ૫૨૮ |
| રાય | ૧૩૫૦ | ૧૫૪૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૬૦ |
| જુવાર | ૯૦૦ | ૧૧૧૪ |
| ચોળી | ૯૦૦ | ૧૬૭૦ |
| અડદ | ૧૭૨૦ | ૧૮૨૦ |
| મગ | ૧૪૫૦ | ૧૮૮૮ |
| ચણા | ૯૫૦ | ૧૧૩૪ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૪૭૬ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૭૯૫ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૮૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૬૫૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૨૭૦ |




લાગે તો તીર : -''લગ્ન એ લાકડાનો લાડુ છે, નથી ખાતા એ પસ્તાય છે'' 06


# ભારતની નાગરિકતા અંગે ગૂંચવાડો કેમ ?



ભારતના નાગરિક કોણ ગણાય ? ભારતના વિદેશ મંત્રાલયે હમણાં સ્પષ્ટતા કરી કે, ભારતીય પાસપોર્ટ ભારતના નાગરિક હોવાનો પુરાવો નથી પણ માત્ર એક ટ્રાવેલ ડોક્યુમેન્ટ છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, ભારત સરકારે આપેલો પાસપોર્ટ વિદેશ જનારા ભારતીયોની ભારતીય તરીકેની ઓળખ સ્થાપિત કરે છે અને પાસપોર્ટ આપવાનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય મુસાફરી શક્ય બનાવવાનો છે તેથી તેને નાગરિકતાનો પુરાવો ના ગણી શકાય.

આ પહેલાં ૨૦૨૪માં બિહારમાં મતદાર યાદીઓમાં સુધારણા માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (SIR) પ્રક્રિયા હાથ ધરાઈ ત્યારે આધાર કાર્ડને ભારતની નાગરિકતાના પુરાવા તરીકે માન્યતા આપવાનો કેન્દ્રીય ચૂંટણી પંચે ઈન્કાર કરી દીધેલો. આ મુદ્દે ભારે કાનૂની વિવાદ થયો પછી સુપ્રીમ કોર્ટે બિહાર સહિતનાં રાજ્યો માટે આધાર કાર્ડને મતદાર યાદીમાં નામ નોંધાવવા માટેના એક દસ્તાવેજ તરીકે કામચલાઉ માન્યતા આપી પણ આધાર કાર્ડને ભારતની નાગરિકતાનું પુરાવો ના ગણી શકાય એવો ચુકાદો પણ આપ્યો હતો. એ વખતે પણ ભારતના નાગરિકો માટે એક ચોક્કસ ડોક્યુમેન્ટ નથી તેથી ભારતના નાગરિક કોણ ગણાય એ ચર્ચા શરૂ થયેલી પણ પછી શમી ગઈ હતી.

હવે વિદેશ મંત્રાલયની સ્પષ્ટતાને પગલે ભારતીય નાગરિક કોણ ગણાય એ અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે કેમ કે ભારતમાં બીજા ઘણા દેશોની જેમ નાગરિકતાના પુરાવા તરીકે કોઈ એક ડોક્યુમેન્ટ કે કાર્ડ નથી પણ અલગ દસ્તાવેજોને માન્યતા મળેલી છે. ભારતમાં રાજ્ય સરકારના તાબા હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા અપાયેલાં બર્થ સર્ટિફિકેટ, માતા-પિતા કે દાદા-દાદીના દસ્તાવેજો, ભારતમાં જ ભણ્યા હોવાના પુરાવા એટલે કે સ્કૂલ રેકોર્ડ્સ ભારતના નાગરિક હોવાના પુરાવા ગણાય છે.

આ બધા ડોક્યુમેન્ટ્સ બહુ વપરાશમાં નથી આવતા જ્યારે જે ડોક્યુમેન્ટ બહુ વપરાશમાં છે અને સાથે રાખવા સરળ પણ છે એ બધા નાગરિકતાના પુરાવા તરીકે માન્ય નથી. પાસપોર્ટ અને આધાર કાર્ડની વાત તો કરી જ પણ એ સિવાય પાન કાર્ડ, મતદાર ઓળખપત્ર, ડ્રાઈવિંગ લાયસંસ વગેરે કાર્ડ સ્વરૂપમાં ઉપલબ્ધ ડોક્યુમેન્ટ પણ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય નથી. આ બધા ડોક્યુમેન્ટ કઢાવવા માટે ભારતના નાગરિક હોવું જરૂરી છે પણ ભારતીય નાગરિક હોવાના પુરાવા આપીને કઢાવેલાં કાર્ડ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય નથી. ભારતના નાગરિકોને મળતા લાભો આ ડોક્યુમેન્ટ્‌ને આધારે મળે છે પણ ડોક્યુમેન્ટ્સ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય નથી ગણાતા. આ ગૂંચવાડાભરી સ્થિતી કહેવાય અને આ સ્થિતી બદલવી જરૂરી છે.

■■■

વિકસિત દેશોમાં કેવી સિસ્ટમ છે ?

અમેરિકા એટલે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ નાગરિકતાના પુરાવા તરીકે એકથી વધારે ડોક્યુમેન્ટ માન્ય છે પણ ફેડરલ કાયદા હેઠળ યુ.એસ. પાસપોર્ટ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય છે. યુ.એસ. પાસપોર્ટ ઉપરાંત રજિસ્ટ્રારની સહી અને સીલ સાથેનું યુ.એસ.નું બર્થ સર્ટિફિકેટ, યુએસમાં જન્મ્યા ના હોય એવાં લોકો કાનૂની પ્રક્રિયા હેઠળ નાગરિક બને ત્યારે અપાતું નેચરલાઈઝેશન પ્રમાણપત્ર અને નાગરિકતા પ્રમાણપત્ર નાગરિક હોવાના પુરાવા તરીકે માન્ય છે. બાકીના દસ્તાવેજો લોકો સાથે લઈને ના ફરી શકે તેથી પાસપોર્ટ નાગરિકતા માટેનો સૌથ આધારભૂત પુરાવો ગણાય છે. અમેરિકામાં પાસપોર્ટ બુકલેટ અને કાર્ડ એમ બે સ્વરૂપમાં હોય છે તેથી યુએસ પાસપોર્ટ કાર્ડ પણ અમેરિકન નાગરિક હોવાનો પુરાવો છે.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

અમેરિકામાં અમેરિકન સમોઆ અને સ્વેન્સ આઈલેન્ડનાં લોકોને યુ.એસ.ના લોકો તરીકે માન્યતા અપાયેલી છે પણ અમેરિકાના નાગરિક નથી ગણાતા. તેમને નોન-સિટિઝન પાસપોર્ટ અપાય છે કે જેના પર સ્પષ્ટ રીતે દર્શાવેલું હોય છે કે પાસપોર્ટધારક યુએસ નેશનલ (અમેરિકન પ્રજા) છે પણ અમેરિકાનો નાગરિક (સિટિઝન) નથી. અમેરિકામાં બીજા કોઈ બિન-નાગરિકને પાસપોર્ટ નથી મળતો. ગ્રીન કાર્ડ ધરાવનારને પણ પાસપોર્ટ નથી અપાતો તેથી પાસપોર્ટ નાગરિકતા માટેનો સૌથી મજબૂત પુરાવો છે.

યુનાઈટેડ કિંગડમ એટલે કે બ્રિટનમાં બ્રિટિશ પાસપોર્ટ બ્રિટિશ નાગરિક હોવાનો પુરાવો ગણાય છે. બીજા દેશોમાંથી આવીને કાયદેસરની પ્રક્રિયા દ્વારા યુકેના નાગરિક બનેલાં નેચરલાઈઝ્ડ વ્યક્તિઓ માટે રજિસ્ટ્રેશન અથવા સર્ટિફિકેટ ઓફ નેચરલાઈઝેશન નાગરિકતાનો પુરાવો છે. ફ્રાન્સ, જર્મની, ઈટાલી સહિતના ૨૭ દેશોના બનેલા યુરોપિયન યુનિયનમાં પાસપોર્ટ અને નેશનલ આઈડેન્ટિટી કાર્ડ કાયદેસર રીતે નાગરિકતાના પુરાવા તરીકે માન્ય છે. જર્મની જેવા દેશોમાં સરકારી રોજગાર મેળવવા માટે ચોક્કસ પ્રમાણપત્રો જરૂરી છે પણ પાસપોર્ટ અને નેશનલ આઈડેન્ટિટી કાર્ડ મુખ્ય દસ્તાવેજો છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં સિટિઝનશીપ સર્ટિફિકેટ અથવા માન્ય પાસપોર્ટ નાગરિકતા માટેનો માન્ય દસ્તાવેજો છે.

કેનેડામાં પાસપોર્ટ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય નથી. કેનેડામાં નાગરિકતા પ્રમાણપત્ર (IRCC દ્વારા અપાયેલું) અથવા બર્થ સર્ટિફિકેટ કેનેડિયન નાગરિક હોવાનો સત્તાવાર પુરાવો ગણાય છે. જાપાનમાં જાપાની પાસપોર્ટ અથવા કોસેકી (ફેમિલી રજિસ્ટર), જાપાની નાગરિકતાનો પુરાવો છે. જાપાન અને કેનેડા બંને બીજા દેશોનાં લોકોને નાગરિકતા આપે છે પણ આરબ રાષ્ટ્રો બહારનાં લોકોને નાગરિકતા નથી આપતાં. આરબ દેશોમાં નેશનલ આઈડેન્ટિટી કાર્ડ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય છે.

■■■

ભારતમાં નાગરિકતા માટેનો એક જ સત્તાવાર ડોક્યુમેન્ટ કેમ જરૂરી છે ?

ભારતમાં અત્યારે નાગરિકતાના મુદ્દે સ્થિતી અત્યંત હાસ્યાસ્પદ છે કેમ કે બહારનાં દેશમાંથી આવેલાં લોકોનો સત્તાવાર રીતે ભારતીય નાગરિક હોવાનું પ્રમાણપત્ર અપાય છે પણ ભારતના નાગરિકોને એવો કોઈ ડોક્યુમેન્ટ નથી અપાતો. જે લોકો ભારતમાં જન્મ્યા નથી ને બીજા દેશમાંથી આવીને ભારતમાં વસ્યા છે અથવા ભારતીય માતા-પિતાનું સંતાન છે પણ વિદેશમાં જન્મ્યા છે એવા લોકો કાનૂની પ્રક્રિયા દ્વારા ભારતના નાગરિક બની શકે છે. આવા લોકોને કેન્દ્ર સરકાર સિટિઝન સર્ટિફિકેટ આપે છે. તેના આધારે એ લોકો પાન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાયસંસ સહિતના દસ્તાવેજો સરળતાથી કઢાવી શકે છે પણ જન્મથી જ જેમને ભારતીય નાગરિકતા મળી છે એ લોકો માટે ભારતના નાગરિક હોવાનું સાબિત કરતો કોઈ એક જ દસ્તાવેજ જ નથી તેથી એ લોકો ગોથે ચડી જાય છે.

શહેરી વિસ્તારોમાં બહુ મોટી સમસ્યા નથી પણ ગ્રામીણ વિસ્તારોમાં તો સમસ્યા એ હદે ગંભીર છે કે લોકો આધાર કાર્ડ કે પાન કાર્ડ પણ નથી કઢાવી શકતા કે ભારતના નાગરિક હોવા છતાં મતદાર પણ નથી બની શકતા. તેનું કારણ એ કે, ભારતમાં આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં નવજાત બાળકોના જન્મની નોંધણી જ નથી થતી તેથી તેમનાં બર્થ સર્ટિફિકેટ જ નથી નિકળતાં. કરોડો બાળકો સ્કૂલમાં ભણવા જતાં નથી તેથી તેમના સ્કૂલ રેકોર્ડ્સ નથી હોતા. તેમનાં મા-બાપ કે દાદા-દાદી ભણેલા-ગણેલા નથી હોતા તેથી તેમના રેકોર્ડ નથી હોતા એટલે એ લોકો ભારતના નાગરિક હોવા છતાં ભારતના નાગરિક તરીકેના દસ્તાવેજ નથી ધરાવતા.

આ સ્થિતીનો ઉકેલ એ છે કે, હવે પછી દરેક નવા જન્મતા નવજાત બાળકનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરી દેવાય અને તેમને સિટિઝનશીપ કાર્ડ આપી દેવાય. ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસેલાં લોકોનાં સંતાનોને પણ આ સિસ્ટમથી ભારતનું નાગરિકત્વ મળી જવાનો ખતરો છે પણ આ ખતરાને ટાળવો સરકારનું કામ છે. બાંગ્લાદેશ કે બર્મા કે બીજા દેશમાંથી ભારતમાં આવીને જામી ગયેલા લોકોને ઓળખી કાઢવા ને તેમને ડીપોર્ટ કરવા એ સરકારનું કામ છે. સરકાર ગેરકાયદેસર રીતે ભારતમાં રહેનારા લોકોની ઓળખ નથી કરી શકતી એ તેમની નિષ્ફળતા કહેવાય.

કોંગ્રેસે મતબેંકના રાજકારણને કારણે આ ઘૂસણખોરોને પંપાળ્યા કેમ કે મોટા ભાગના ઘૂસણખોરો મુસ્લિમ છે. કોંગ્રેસ શાસનમાં આ ઘૂસણખોરોને આધાર કાર્ડ, રેશન કાર્ડ વગેરે આપી દેવાયાં ને મોટા ભાગનાને મતદાર પણ બનાવી દેવાયા. ભાજપ સરકાર આ ઘૂસણખોરોને ઓળખી કાઢીને તેમને ભગાડશે એવી આશા હતી પણ આ આશા ફળી નથી તેથી ઘૂસણખોરોનાં સંતાનો પણ ભારતનાં નાગરિક બની જાય એ ખતરો છે જ. ભાજપ સરકારે આ ખતરાનો શું ઉકેલ હોય એ વિચારવું જોઈએ કેમ કે ૩-૪ કરોડ ઘૂસણખોરોના કારણે ૧૪૦ કરોડથી વધારે સાચા ભારતીય નાગરિકો લટકેલા રહે એ સ્થિતી સારી ના કહેવાય. તેમને ભારતીય નાગરિક તરીકેની ઓળખ મળવી જ જોઈએ. ■


sanjogpurti@gmail.com


# કેળકાટણ મહાયજ્ઞ

## વિષ્ણુ ભગવાન પણ મુંઝાઈ જાય એવી પૂજા વિધિ



કેળના થડને જમીનમાંથી બહાર કાઢવું એ કોઈ સામાન્ય બગીચાની મજૂરી નથી, એ તો એક 'શાસ્ત્રીય અનુષ્ઠાન' છે. લોકો કહે છે કે કેળ એ ભગવાન વિષ્ણુનું પ્રિય વૃક્ષ છે, અને હું તો માનું છું કે વિષ્ણુ ભગવાનની પૂજા કરવી તો ઘણી સહેલી છે, પણ કેળનું થડ જમીનમાંથી બહાર કાઢવાની જે પૂજા વિધિ છે, એ તો સાક્ષાત જમદગ્નિનો અવતાર ધારણ કરવા જેવી અઘરી છે! કેટલાક અતિ-ઉત્સાહી લોકો તો બે દાંતરડા, એક કોષ અને ગમે ત્યાંથી ઉછીની લાવેલી તીકમ લઈને મેદાને પડે છે. તેઓ બે-ચાર આમ-તેમ ઘા મારે અને પછી થડને પકડીને એવી રીતે હલાવે કે જાણે કોઈ ટ્રેક્ટરને ધક્કો મારતા હોય! પરિણામ? મંદિરનો ઘંટ ચોક્કસ હલી શકે છે, પણ કેળનું ઝાડ પોતાની જગ્યાએથી એક ઈંચ પણ ખસતું નથી. આ કામમાં જે ધૈર્ય અને શ્રદ્ધાની જરૂર છે, તે તો જાણે કોઈ તપસ્વીની સાધના જેવું છે. તમારી પાસે ધીરજ ન હોય તો કેળના થડ સાથે ચેડા કરવા એ આત્મહત્યા કરવા સમાન છે.

આજના જમાનામાં તો લોકો 'ગુગલેશ્વર મહાદેવ'ના મોટા ભક્ત થઈ ગયા છે. બગીચામાં પ્રવેશતા પહેલાં જ મોબાઈલમાં સર્ચ કરે કે 'કેળ કેવી રીતે કાઢવી?' અને ગુગલ બાબા કહે કે, 'ભાઈ, કેળનું થડ તો એકાદ-દોઢ ફૂટ જ ઊંડું હોય, ખેંચી લો!' પછી શું? આ ગુગલેશ્વરના શિષ્યો ઉતાવળા થઈને કુદકા મારે અને સફળતાને બદલે નિષ્ફળતાના ગુણાકાર કરતા રહે. અરે ભાઈ, ગુગલ તો કહી દેશે કે ઊંડું નથી, પણ એ કેમ કહેશે કે તેના રેસાદાર મૂળિયા પાતાળમાં ક્યાં સુધી લંબાયેલા છે? કેળ કાઢવી એટલે કોઈ ઉતાવળીયું કામ નથી, એ તો એક ગહન કળા છે. તમારે કેળના થડની ફરતે અર્ધગોળાકાર ખોદકામ કરવું પડે, અને તે પણ પ્રેમથી. જો તમે એકાદ ફૂટનું ખોદકામ કરવામાં આળસ કરી, તો સમજવું કે તમે તમારી પીઠમાં દુખાવો નિમંત્રી લીધો છે. એ મૂળિયાંને તો જાણે કેળના ઝાડ સાથે કોઈ અખંડ લગ્નગ્રંથિથી જોડાયેલા હોય તેમ પ્રેમથી દાતરડી વડે કાપવા પડે છે. ઉતાવળ કરી તો કેળ તો નહીં નીકળે, પણ તમારા દાતરડાની ધાર જરૂર નીકળી જશે!

આ કામમાં સૌથી મોટો પડકાર તો 'છૂટાછેડા' કરાવવાનો છે. જ્યારે મુખ્ય કેળ અને તેના પેટા કેળ એટલે કે ભવિષ્યની મુખ્ય કેળ સાથે જોડાયેલી હોય, ત્યારે તેમને છૂટી પાડવી એ કોઈ ફેમિલી કોર્ટના વકીલ જેવી ડિપ્લોમસી માંગી લે છે. તમારે કોષના ઘા એવી સચોટ જગ્યાએ મારવા પડે કે 'કટાક' અવાજ આવે અને બંને અલગ થઈ જાય. જ્યાં સુધી તમે આ છૂટાછેડા નહીં કરાવો, ત્યાં સુધી તમારા કામના બે છેડા ક્યારેય ભેગા નહીં થાય! આ કોઈ પહેલવાનોનું કામ નથી કે તમે આવીને કુસ્તીબાજી શરૂ કરો. આ તો બૌદ્ધિકોનું કામ છે. કેળ કાઢવી એ કોઈ યુદ્ધ નથી કે તમે બંદૂક લઈને પહોંચી ગયા, પણ કોષ, તીકમ અને કોદાળી વડે અમલમાં મૂકવામાં આવતી એક ઉચ્ચ કક્ષાની ડિપ્લોમસી છે. અરે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જો ધારે તો આમાં પણ 'ડિજિટલ ઈન્ડિયા' જેવી સચોટતા લાવીને આ કામ આસાનીથી કરી શકે, પણ ઉત્તર કોરિયાનો કીમ જોંગ તો પહેલા જ ધડાકે હારી જાય! કારણ કે કીમ જોંગને તો કડાકા-ભડાકાની આદત છે, પણ કેળ કાઢવામાં તો તમારે 'પટાકા' એટલે કે પ્રેમ અને ધીરજથી સચોટ પ્રહાર કરવાના હોય છે!

વિશ્વના બીજા ખૂણે બેઠેલા રશિયાના રાષ્ટ્રપતિ કે અમેરિકાના કોઈ પ્રમુખને જો કેળ કાઢવાનું કામ સોંપવામાં આવે, તો તે તો મિસાઈલ છોડવાની તૈયારી કરશે, પણ કેળ તો ત્યાંની ત્યાં જ ઉભી રહીને આપણી સામે જોશે! આ કામમાં ગમે તેટલા શક્તિશાળી હો, તમારી શક્તિ કરતા તમારી શુદ્ધ બુદ્ધિ વધારે કામ લાગે છે. કેળનું થડ કાઢતી વખતે જ્યારે મેં પહેલીવાર તે કટાક અવાજ સાંભળ્યો, ત્યારે મને સમજાયું કે આ કંઈ શાક બનાવવાની સામાન્ય પ્રક્રિયા નથી, આ તો એક સર્જકનો આનંદ છે. મેં જે રીતે આખી ડિપ્લોમસી ગોઠવી, તેમાં મારી બૌદ્ધિક જીત હતી. તમે જ્યારે કેળના થડને આ રીતે પ્રેમથી જમીનમાંથી મુક્ત કરો, ત્યારે તમને જે સંતોષ મળે છે તે કોઈ બીજા વિજયથી મોટો નથી. અંતે તો એટલું જ કહીશ કે ન્યુટને તો બસ સફરજન પાડ્યા, પણ મેં તો આખા કેળના ઝાડને તેના મૂળિયામાંથી ડિપ્લોમસીના જોરે અલગ કરી બતાવ્યું છે! આ કામ ધડાકા કરવા માટે નથી, આ કામ તો પટાકા (એટલે કે કલાત્મક પ્રહાર) કરવા માટે છે. આજ ઈતના હી! ■


naranbaraiya277@gmail.com


# જગતના તાત ખેડૂતને સમજો...



આ ધરતી ઉપર છાતી કાઢીને ફરવાનો અધિકાર માત્ર ખેડૂતને છે.સમગ્ર વિશ્વના લોકોનો જઠરાગ્નિ ઠારે છે તેવા ખેડૂતોની કોઈ તકલીફ સમજવા તૈયાર નથી.ગાંધીજીએ કહ્યું છે કે હિન્દુસ્તાનના સાચા રાજા ખેડૂતો છે. સરદાર પટેલે ખેડૂતોને જગતના તાત કહયા છે. ધરતીને પાટુ મારીને કણમાંથી મળ પેદા કરનાર જો કોઈ હોય તો તે ખેડૂત છે.આખા ભારતમાં સર્વે કરવામાં આવે તો ખબર પડે કે ખેતી કરતા લોકો કેવી લાચારી અને દર્દ ભરી સ્થિતિમાં જીવી રહ્યા છે.

અન્નદાતા ગણાતા ખેડૂતોની વેદનામાં મોંઘા બિયારણ-ખાતર, કમોસમી વરસાદ, પૂર કે દુષ્કાળ જેવા કુદરતી પ્રકોપ અને પાકના અપૂરતા પોષણક્ષમ ભાવો મુખ્ય છે. આર્થિક સંકડામણ અને દેવાના બોજા વચ્ચે ઝઝૂમતા ખેડૂતની સ્થિતિ અત્યંત દયનીય બની છે.ખેડૂતોની મુખ્ય સમસ્યાઓ પડતર ભાવો પાક ઉત્પાદન પાછળ થતો ખર્ચ અને બજારમાં મળતા ભાવ વચ્ચે મોટો તફાવત છે. કુદરતી આપત્તિઓ કમોસમી વરસાદ, વાવાઝોડું કે અતિવૃષ્ટિને લીધે પાકને થતું નુકસાન અને વળતર મેળવવામાં પડતી મુશ્કેલી,મોંઘા સાધનો ડીઝલ, જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોના સતત વધતા ભાવો,સિંચાઈ અને વીજળી પૂરતા પ્રમાણમાં વીજળી ન મળવી અને પાણીની અછત.ગુજરાતના ખેડૂતોની વાસ્તવિકતા અને તેમની વેદનાને દર્શાવતો ચિતાર છે."પરસેવો પાડીને જે ધરતીને ધાનથી ભરે છે, અફસોસ કે એ છે કે અનાજનું ઉત્પાદન ખેડૂતો કરે અને તેના ભાવ માફિયાઓ દલાલો તેમજ અભણ રાજકીય લોકો કરે છે?

છેલ્લા એક મહિનાથી પાવરગ્રીડ કંપની દ્વારા વીજ લાઈન નાખવા માટે અદાણી કંપની દ્વારા ખેડૂતોના ખેતરોમાં મોટા મોટા વીજળીના પોલ નાખવાનું કામ સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ જેવા ઘણા બધા જિલ્લાઓમાં ચાલી રહ્યું છે. જમીનના સાચા માલિકો ખેડૂતો છે.તેમની પરમિશન વગર તેમજ યોગ્ય વળતર સિવાય અદાણી કંપની બટકું આર્થિક સહયોગ આપીને અબજો કમાવવા માટે ખેડૂતોના ખેતર થકી અદાણી કમાય અને ખેડૂત બરબાદ થાય તે કઈ રીતે સરકાર પણ જોઈ શકે ? જમીન સંપાદન કરવા અને વીજપોલ નાખવા માટે હાલના બજાર ભાવ કરતા વધારે ખેડૂતોને આર્થિક વળતર આપવું જોઈએ. તેવી ખેડૂતોની માગણી છે અને યોગ્ય માગણી છે. અદાણી કઈ દેશની સેવા કરવાનો નથી તે કમાવા માટે રોકાણ કરી રહ્યો છે એ તો એક વખત વીજપોલ ઉભો કરી દેશે એટલે એને પેઢીઓ સુધી આવક શરૂ થઈ જવાની.ખેડૂતના ખેતરમાં નાખેલા પોલ થકી અદાણી કમાતો હોય તો તેને કા તો ખેડૂતનો ભાગ કરી દેવો જોઈએ કે જે આવક આવશે તેમાંથી ખેડૂતને ૫૦% આપવામાં આવશે? સરકાર ખેડૂતોના આ બધા પ્રશ્નોને ગંભીરતાથી લે તે આજના સમયની જરૂરિયાત છે? ખેડૂતો જે દિવસે નક્કી કરશે કે અમારા પરિવાર પૂરતું જ ઉત્પાદન કરવામાં આવે અને એક પણ દાણો માર્કેટમાં વેચશે નહીં ત્યારે શહેરોના કરોડો લોકો પછી શું ખાશે? ત્યારે સરદાર પટેલનું વાક્ય યાદ આવશે કે આ જગતના ખેડૂતો બાપ છે?

પરસેવાથી પેદા કરતાં ખેડૂતોને બટકા આપીને છેતરતા લોકો ક્યારે સુખી થશે નહીં. અનેક આફતો વચ્ચે ખેત ઉત્પાદન કરે છે બિયારણના અસહ્ય ભાવ,ખાતરનો ભાવ વધારો ખેડામણનો અસહ્ય ભાવ,મજુરી આ બધું કરતા છેલ્લે ખેડૂત પાસે કશું જ હોતું નથી.વ્યાજે પૈસા લાવીને ખેતી કરતો ખેડૂત દેવા તળે જીવે છે. એવા સમયે કુદરતી આપત્તિ સમયે હાથમાં આવેલો કોળીયો જતો રહે છે. જંગલી જાનવર વચ્ચે ધાન્ય પેદા કરતો ખેડૂત પોતાની વેદના કોણે કહે? જેને ખેતરમાં ઘઉં કે બાજરી ક્યાં પાકે છે તેવા મિનિસ્ટરો ખેતી વિશે ચર્ચા કરે? વીજપોલ બાબતે અદાણીને શા માટે સાચવવામાં આવે છે તે સમજાતું નથી.વોટ તો ખેડૂતો આપે છે કે નહી? સોશિયલ મીડિયા ઉપર જ્યારે રેલી અને ગ્રામ લોકો ખેતરોમાં અને રોડ ઉપર ઉતરી આવે ત્યારે તેમના ઉપર થયેલો બળ પ્રયોગ માનવતા વિરોધી હતો.ખેડૂતોને પોતાના હક માટે રોડ ઉપર આવવું પડે છે. બાકી તેને આ બધી બાબતમાં કોઈ રસ નથી તેને તો તેની જમીન અને મજૂરી નસીબમાં લખેલી છે. ગુજરાત રાજ્યમાં જે પણ રાજકીય પક્ષો છે તે માત્ર રોટલા શેકવા માટે પ્રયાસ કરે છે. સરદાર પટેલની જેમ નેતૃત્વ લેવાની તાકાત હોય તો જ ખેડૂતોના પ્રશ્નો ઉપાડવા જોઈએ છે.બાકી ખાલી ભાષણબાજી કરવાથી ખેડૂતોના પ્રશ્નો સોલ થશે નહીં.ટ્રેક્ટરની રેલીઓ કાઢવાથી કે ઉપવાસ કરવાથી કશું જ થશે નહીં. સંપૂર્ણ બહુમતી વાળી સરકાર છે.

ખેડૂતોમાં એકતા જ્યાં સુધી સર્જન નહીં થાય ત્યાં સુધી શરૂઆતમાં આક્રોશ દેખાશે અને ત્યારબાદ વધુ શાંત પડી જશે. કિસાન સંઘ હોય કે કોઈ પણ હોય જ્યાં સુધી ખેડૂતોના પ્રાણ પ્રશ્નો સોલ્વ નહીં કરો ત્યાં સુધી આ બધા સંઘો કાશીએ જવાના નથી. જે લોકો ખેડૂતોની હાય લે છે તેને ઈશ્વર છોડશે નહીં. જે દિવસે ખેડૂતો એક થઈ જશે ત્યારે દુનિયાની કોઈપણ સરકાર ટકી શકશે નહીં. માર્કેટમાં ઉત્પાદન થાય ત્યારે ભાવ હોતા નથી, દલાલો બેફામ કમાય છે અને ખેડૂત દુખી અને દુઃખી જ હોય છે. સિઝનમાં કરેલો ખર્ચ નીકળતો નથી એટલે બેંકોના અને શરાફી મંડળીઓના વ્યાજ ભરે છે ના ભરે તો જમીનમાં બોજો નાખી ખાલસા કરી નાખવામાં આવે છે.

અતિશય પ્રેષ્ટીસાઈઝ અને રાસાયણિક દવાઓ થકી ખેતી થતા કેન્સર જેવી જીવલેણ બીમારીઓ નિર્માણ થઈ છે. વધુ ઉત્પાદન કરવા માટે દવાઓ અને ખાતરો થકી ઉત્પાદન વધ્યું તેની સામે ડબલ બીમારી નિર્માણ થઈ. પ્રાકૃતિક ખેતી માટે ગુજરાત રાજ્યના ગવર્નરશ્રી દેવવ્રત આચાર્ય સાહેબ અદભુત પ્રયાસ કરી રહ્યા છે. ગુજરાતના તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને ઉત્પાદન કરે તે આજના સમયની જરૂરિયાત છે. સરકારની બધી ઓનલાઈન ઈ ખેડૂત પોર્ટલ આ બધી ટેકનોલોજીવાળી સિસ્ટમ પાવડો પકડનાર ખેડૂત કઈ રીતે સમજી શકે? તેમને પોષણતમ ભાવ અને સહાય કરો અને ખાતર, બિયારણ અને વીજળી એકદમ સસ્તી આપો એ જ સૌથી મોટી સેવા હશે.



સામાજિક અને શૈક્ષણિક


ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)


ગુજરાત સરકારના યશસ્વી મુખ્યમંત્રીશ્રી ખેડૂતોના જે પ્રશ્નો છે તેનો સત્વરે નિકાલ લાવે એ જ સૌથી મોટી સેવા હશે. ખેડૂતોને તકલીફ માંથી બહાર લાવવા માટે અદાણી કંપનીને પણ કઠોળ બનીને આદેશ કરવા પડે તો કરજો જેથી ખેડૂતની આતરડી શાંત પડે. ખેડૂત છે તો આ રાષ્ટ્ર છે માટે ખેડૂતોની જે તકલીફો છે તેનું રાજ્યના કૃષિમંત્રી આદરણીયશ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ અને સરકાર આ બાબતે યોગ્ય નિર્ણય લે અને ખેડૂતોને હક અપાવે છે તેવી એક ખેડૂત તરીકે વિનંતી કરું. જય સરદાર.. જય સરદાર.. ■


Mo.9825702282

# શારીરિક સ્વાસ્થ્ય, પોષણ અને યોગ વિષે જાણો



મુખ્ય કાર્ય
મુખ્ય સ્ત્રોત
કાર્બોહાઇડ્રેટ:
ઊર્જા આપે
ચોખા, ઘઉં, બાજરી, બટાકા
પ્રોટીન:
શરીરનું નિર્માણ અને સમારકામ
દાળ, કઠોળ, દૂધ, ઈંડા, સોયાબીન
ચરબી:
ઊર્જા અને શરીરનું રક્ષણ
ઘી, તેલ, સૂકા મેવાં

વૃદ્ધાવસ્થામાં હાડકાં સંબંધિત સમસ્યાઓનું જોખમ ઓછું થાય છે.

૬. શરીરના કાર્યોનું નિયમન

પ્રોટીન, વિટામિન અને ખનિજ હોર્મોન, એન્ઝાઇમ અને અન્ય શારીરિક પ્રક્રિયાઓને યોગ્ય રીતે ચલાવવામાં મદદ કરે છે.

પાચનક્રિયા, રક્ત પરિભ્રમણ અને ચયાપચય (મેટાબોલિઝમ) સુચારુ રહે છે.

૭. કુપોષણથી બચાવે છે

યોગ્ય પોષણના અભાવે કુપોષણ, એનિમિયા, વિટામિનની ઉણપ અને વૃદ્ધિમાં અવરોધ જેવી સમસ્યાઓ થઈ શકે છે.

સંતુલિત આહાર આ તમામ સમસ્યાઓથી બચવામાં મદદ કરે છે.

૮. સગર્ભા અને ધાત્રી માતા માટે મહત્વ

ગર્ભસ્થ શિશુનો યોગ્ય વિકાસ થાય છે.

માતાના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.

જન્મ પછી બાળકને પૂરતું અને ગુણવત્તાયુક્ત સ્તનપાન મળી શકે છે.

૯. વૃદ્ધો માટે મહત્વ

સ્નાયુઓ અને હાડકાંની તાકાત જળવાઈ રહે છે.

રોગપ્રતિકારક શક્તિમાં સુધારો થાય છે.

હૃદયરોગ, ડાયાબિટીસ અને અન્ય લાંબા ગાળાના રોગોના જોખમને ઘટાડવામાં મદદ મળે છે.

૧૦. સારું જીવન અને લાંબું આયુષ્ય

સ્વસ્થ શરીર અને મન જાળવવામાં મદદ કરે છે.

કાર્યક્ષમતા અને જીવનની ગુણવત્તામાં વધારો થાય છે.

લાંબા ગાળે સ્વસ્થ અને સક્રિય જીવન જીવવામાં સહાય મળે છે.

સારા પોષણ માટે જરૂરી પોષક તત્ત્વો

પોષક તત્ત્વ

વિટામિન:
રોગપ્રતિકારક શક્તિ અને શરીરના કાર્યો
ફળો, લીલા શાકભાજી
ખનિજ તત્ત્વો:
હાડકાં, લોહી અને શરીરની વિવિધ પ્રક્રિયાઓ
દૂધ, પાલક, તલ, ફળો
પાણી:
શરીરનું તાપમાન અને પાચન જાળવે
સ્વચ્છ પીવાનું પાણી

સંતુલિત આહાર શરીરને જરૂરી પોષક તત્વો પૂરા પાડે છે.

કાર્બોહાઇડ્રેટ – ઊર્જાનો મુખ્ય સ્ત્રોત

પ્રોટીન – સ્નાયુઓ અને કોષોના વિકાસ તથા સમારકામ માટે

ચરબી (ફેટ) – ઊર્જા સંગ્રહ અને શરીરના કાર્યો માટે

વિટામિન અને ખનિજ તત્ત્વો – રોગપ્રતિકારક શક્તિ અને વિવિધ શારીરિક પ્રક્રિયાઓ માટે

પાણી – શરીરનું તાપમાન નિયંત્રિત રાખવા અને પોષક તત્વોના પરિવહન માટે

ફાઇબર – પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં મદદરૂપ

આમ: પોષણ એ સ્વસ્થ જીવનનો પાયો છે. સંતુલિત અને પોષક આહાર માત્ર ભૂખ સંતોષવા માટે નહીં, પરંતુ શરીરની વૃદ્ધિ, રોગપ્રતિકારક શક્તિ, માનસિક વિકાસ અને લાંબા ગાળાના સારા સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે. ખાસ કરીને બાળકો, કિશોરો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને વૃદ્ધો માટે યોગ્ય પોષણ જીવનની ગુણવત્તા સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. (ક્રમશ:)

વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# "લગ્ન એ લાકડાનો લાડુ છે, નથી ખાતા એ પસ્તાય છે"



અનુભવીનું કહેવું છે કે, લગન એ લાકડાનો લાડુ છે. નથી ખાતાં એ પસ્તાય છે. અને ખાય છે, એ ભારોભાર પસ્તાય છે.

લગનનો લાડવો શરૂઆતમાં સ્વાદવાળો લાગે છે. પરંતુ જેમ જેમ જૂનો થાય એમ એમ ફિક્કો લાગવાં માંડે છે.રસ હિન લાગે છે.

અને સૌથી મોટી કઠણાઈ એ છે કે, બીજાંની થાળીનો લાડવો જ સૌને મોટો અને સુંદર લાગે છે.

લાડવા સુધી પહોંચવા માટે ખૂબ જ મહેનત કરવી પડે છે. કેટ-કેટલી'ય યાતનાઓ વેઠવી પડે છે.'' દેવુ કરીને 'ય ઘી પીવો '' વાળી યુક્તિ અહીં લાગું કરવી પડે છે. છતાંય.., સૌને લાડવા વગર અધૂરાં હોય એવું સતત લાગ્યા કરે છે. અને રાત દિવસ બસ, લાડવા માટે જ મંડી પડે છે. અને પછી જિંદગીભર પસ્તાયા કરે છે.

બનેવીલાલને ઓટલે બેસીને એકલાં એકલાં જ રટણ કરતાં જોઈને અમથાલાલને નવાઈ લાગી.

''કેમ કેમ, બનેવીલાલ! આજે કાંઈ અલગ જ મૂડમાં હોય એવું લાગે છે? આખરે વાત શું છે? બસ જીવનથી ઓબાઈ ગયાં કે શું? કે પછી કોઈ મોટી કથા બથામા જઈ આવ્યાં કે ગોખણપટ્ટી વાળા મોટીવેશન સ્પીકરના કાર્યક્રમમાં જઈ આવ્યાં!?

આટલું બધું ઉપરનું જ્ઞાન ક્યાંથી આવ્યું?''

''ના ભાઈ! મોટી કથામાં આપણને કોણ બોલાવે? અને આજકાલ મોટિવેશન સ્પીકર એટલાં બધાં મોંઘા થઈ ગયાં છે કે, આપણો ફુલેલો ફુગ્ગો એમ ને એમ જ ફુટી જાય.''

''તો પછી આ સ્મશાનીયો વૈરાગ્ય આવ્યો ક્યાંથી?''

''હું આજકાલની દુનિયા જોવ છું. અને મારું માથું ભમ્મર ભમ્મર ફરે છે. આખેઆખું કુટુંબ (દલાલ સહિત) રાત દિવસ એક કરીને છોકરી ગોતે છે. (મતલબ છોકરી જાણે ખરીદે જ છે.) અને જેવો છોકરા -છોકરીનો મેળાપ થઈ જાય, મતલબ લગન થઈ જાય, એટલે કોણ જાણે કયો વીંછી કરડે છે, કે.. વીંછી ઉતારવા મતલબ છૂટાછેડા કરાવવા દર દર ભટકે છે. અને જેટલાં રૂપિયા લગનમાં ભાંગે છે, એનાં કરતાં'ય વધારે રૂપિયા છૂટાછેડા કરવાં ભાંગી નાંખે છે. આના કરતાં તો..''

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

''હા પણ, તમને આમ અચાનક આવો વિચાર કેમ આવ્યો? અને આવું થાય તો તો દુનિયાનું ચક્કર અટકીને ઊભું રહી જાય. તમારે આવાં ફરતાં ચક્કરને અટકાવી દેવું છે? ''

''ના ના ના, ભાઈ ના. મારે તો આ ચક્કરને ધક્કો મારવો છે. પણ, મારાં પપુડાનું ક્યાંય ગોઠવાતું જ નથી.''

''બનેવીલાલ! એમ તમે મોંળા નો પડો. આ લાઈનમાં તમે એકલાં નથી. આ સલીમભાઈનો છોકરો પસાહ વટી ગયો. હજી વાંઢો જ ફરે છે કે નહીં!? આવાં કિસ્સાઓ તમને જ્યાં નજર કરો, રાજકારણમાં નજર કરો તો ન્યાય તમને આવાં વાંઢાઓ જડી જાય. ''

''તમારી વાત કદાચ! હાસી હશે. પણ, હામે તમેય જોવો ને આમીરખાન જેવાં સાંઈઠ સાંઈઠ વરસે'ય ત્રીજા લગન વીસ વર્ષની ગૌરી સાથે કરે છે. એમાં આપણાં જેવાં નો વારો આવે ક્યાંથી!!''

''ઈ હંધૂય તો હાલ્યા કરશે. પણ આજ તમને લગન પહેલાં છૂટાછેડાનો વિચાર કેમ આવ્યો?''

''અમથાલાલ! તમે તો દુનિયા આખીમાં ફરો છો. આજકાલ હજારો છોકરાં -છોકરીઓ એવાં છે. જેને નથી ભેગાં રહેવું, નથી છૂટા પડવું. આજકાલ લગભગ હંધાયને પહેલાં લગનમાં પૈસા દેખાતાં હતાં. આજે છૂટાછેડામાં પૈસા દેખાય છે.''

''બનેવીલાલ! છૂટાછેડાની વાત નીકળી જ છે તો જાણ ખાતર એ કહોને કે, સૌથી મોંઘા છૂટાછેડા કોનાં થયાં છે? અને કેટલાંમાં થયાં છે?''

''વિદેશની વાત કરીએ તો મોંઘા મા મોંઘા છૂટાછેડા એમેઝોનના સ્થાપક 'જેફ બેઝાસ' અને 'મેકેન્ઝી સ્કોટ' વચ્ચે થયાં છે.લગભગ ૩૮ અબજ ડોલરનું વળતર ચૂકવવું પડ્યું હતું.

અને ભારતની વાત કરીએ તો, સૌથી મોંઘા છૂટાછેડા જોહોના સ્થાપક 'શ્રી ધર વેમ્બુ'ના થયાં છે. એમણે લગભગ ૧૪૦૦૦/-હજાર કરોડનો ખર્ચ કર્યો ત્યારે પત્નીથી છૂટકારો મળ્યો.''

''ઓ હો હો.. આતો ઓલી કહેવત ફીટેફીટ બેહી ગઈ.

'સોના કરતાં ઘડામણ મોંઘું''

''અને હજીય તમારે છૂટાછેડાની એક રસપ્રદ એક વાત હાંભળવી છે?''

''બનેવીલાલ! આમ છૂટાછેડા પારાયણ કરીને તમે ક્યાંક મારાં'ય આ ઉંમરે છૂટાછેડા કરાવી નો નાંખતાં.''

''એટલે તો શરુઆતમાં કીધું હતું કે, લગન લાકડાનાં લાડુ છે.

અમેરિકામાં એક ભાઈ છે. 'લોરેન્સ જોન રિપલ' આમ તો અમેરિકામાં લગન અને છૂટાછેડા જેવું કાંઈ છે જ નહીં. પણ આ લોરેન્સ જૂનાં જમાનાનો ખરો. એટલે એમણે ૭૦ વર્ષ સુધી ગમેએમ રગસિયા ગાડાની જેમ ખેંચે રાખ્યું. અને એક દિવસ પત્નીને કહી દીધું. 'તારી સાથે રહેવા કરતાં તો જેલમાં રહેવું સારું' પણ, જેલ એમ જ થોડી થાય. પછી એમણે બેંક લૂંટવાનો પ્લાન બનાવ્યો. બેંક લૂંટી પણ ખરી. ત્યાં પોલીસ જલ્દી આવે. પોલીસ આવીને લઈ ગઈ.

કોર્ટેમાં કેસ હાલ્યો. આવાં કેસમાં વીસેક વર્ષની સજા થાય જ. પણ, અહીં જજે વિચિત્ર નિર્ણય કર્યો.

લોરેન્સ જીવે ત્યાં સુધી પત્ની સાથે જ રહેવાની સજા સંભળાવી. એકપણ દિવસ એ પત્નીને છોડીને ક્યાંય જઈ ના શકે એવી સજા. એટલે હું વિચારું છું કે, હાળા છૂટાછેડા અઘરાં તો છે જ..!!

kalubhaibhad123@gmail.com

# માનવીય સંબંધોનું ઘાતક શસ્ત્ર ચાડી - ચુગલી



કોઈની અંગત વાતોમાં મરચું મસાલાનો મીઠાં-મરચાંનો મસાલો કરી, અન્યને કહેવાની મજા કંઈ ઓર હોય છે, પણ એના અર્થનો અનર્થ થવાથી તમારી મજા મોંઘી સાબિત બની જાય છે. તમે પણ કોઈ ખાસ પુરાવા કે સજ્જ-અનુભવ વગર મોંઘી ચાડી-ચુગલીને માની લેશો નહીં...!

કાવ્યા અને દિવ્યા બંને નાનપણની સહેલીઓ છે. છેક બાળપણથી તે આજદિન સુધી એટલે કે, બંનેના લગ્ન બાદ પણ બંનેની દોસ્તી યથાવત્ રહી હતી. એક દિવસ દિવ્યાએ કાવ્યાના પતિ મલ્હારને એક યુવતી સાથે બસ સ્ટેન્ડ પર ઊભા રહીને વાતો કરતા જોયો. એ યુવતી મલ્હારની સાથે હસી-હસીને, હાથમાં તાળી આપીને રોમેન્ટિક મૂડથી વાત કરતી હતી, જાણે તે મલ્હારની પ્રેયસી ન હોય. દિવ્યાએ એ વેળાએ એવું જ મનમાં વિચાર્યું કે, હશે કોઈ જૂની મિત્ર હશે કે તેની ઓફિસમાં નોકરી કરતી હશે. પણ, 'સ્ત્રી સ્વભાવ' ઘડીક આમ ઝોલાં ખાય તો ઘડીક તેમ ઝોલાં ખાય. દિવ્યા કાવ્યાને મળતાં જ એટલી બધી કાવ્યામય થઈ ગઈ કે, પેલું 'હશે કોઈ'.. વાળું વિધાન જ વિસરાઈ ગયું અને કાવ્યાને તેના પતિ વિશે કહેવાનું ચાલુ કરી દીધું, 'અલી કાવ્યા, તને એક વાત કહેવી છે. આમ તો બીજી વ્યક્તિ હોત તો કહેત જ નહીં...કોણ પારકામાં માથું મારે? પણ, આતો તું મારી પોતાની અંગત વ્યક્તિ છે એટલે કહું છું. વળી, અત્યાર સુધી આપણે બેઉ કોઈ પણ વાત એકબીજાથી છાની રાખી શક્યા છે કે, આ વાત છાની રાખું...' આમ કહી મલ્હારભાઈને અન્ય યુવતી સહ બસ સ્ટેન્ડે શોભાવતા જોયા હતા, તે પવિત્ર વાતોને ખૂબ જ સજાવી-ધજાવીને મરચું-મીઠું નાખીને ખૂબ જ સુંદર રીતે કહીને દિવ્યાએ પોતાનું બહેનપણું મિલાવ્યું. પરિણામ... કાવ્યાએ એ જ દિવસે અતિ ગુસ્સાભેર મલ્હારનો ઉધડો લઈ નાંખ્યો, જે મોટો કજિયો કર્યો, જે વાત પહોંચી કાવ્યાના પિયરિયા સુધી. મલ્હારભાઈના બે જીજાજી સાળાઓ તો મલ્હારભાઈ સાથે 'મરણ' નો સંબંધ સળગાવી નાંખવા અર્થાત્ છૂટાછેડા લેવડાવવા તૈયાર થયા, કોર્ટમાં કેસ મંડાયા. સદ્નસીબે, લોક અદાલતમાં કેસ જતાં સચ્ચાઈ સામે આવી કે, બસ સ્ટેન્ડ પર મળેલી યુવતી મલ્હારની દૂરના મામાની દીકરી હતી. વળી, તે યુવતીના રૂબરૂ ખુલાસો થયો, તેણીના પતિએ પણ બયાન આપ્યું... ત્યારે કાવ્યા-મલ્હારનો ઘરસંસાર આફ્ટર બ્રેક પુનઃ ધબકતો થયો.

ભારતીય પરિવારને છિન્ન કરી ભિન્ન કરવાનું એક બીજું ઉત્તમ ઉદાહરણ. આભા અને વિભા બંને અનુક્રમે દેરાણી-જેઠાણી. બંનેના પતિ અનુક્રમે વિવેક અને વિજય... બંને પતિ-પત્ની અને સાસુ-સસરા અને બાળકો મળીને દસ સભ્યોનો પરિવાર માળામાં સુખચેનથી રહે... તે કોણ જાણે કોની નજર લાગી ગઈ કે, અત્યાર સાસુ-સસરા, વિવેક અને વિજય... એમ ત્રણ ઘર અલગ-અલગ થઈ ગયા.

વાત એમ બની કે, નાની વહુ આભાને લોકોની વાતો ને ચોરીને ચિકણી કરવાની મહા આદત. ચાડી-ચુગલી ન કરે તો એનો દિવસ ન જાય. સંયુક્ત પરિવારવાળા ઘરની...

આડોશ-પાડોશમાં તે બેસવા જાય અને પોતાના જ ઘરના સભ્યો એવા સાસુ-જેઠાણી અને પાડોશીઓની ચાડી-ચુગલી એકબીજાને કરી, ઝઘડો કે બોલાચાલી થાય તો તે શોખથી જોનારી આભાનો ભાંડો ઉઘાડી પડી ગયો, પરિણામે, તેને અને પતિ વિવેકને અલગ રહેવાનો વારો આવ્યો. આભાની કલ્પના બહારનું થયું. એટલે, તેણે હજી પણ ઘરમાં ચાડી ચુગલી ચાલુ રાખી. ખાસ કરીને, શુભ પ્રસંગે કે તહેવારે વિવેકના પિતાજીના ઘેર ભોજન પ્રસંગે બધાં પરિવાર ભેગા થાય ત્યારે તે ચાડી-ચુગલી અને અહીંનું તહીં કરવાનું ભૂલતી નહીં એના પરિણામે બિચારા મોટા દીકરાનેય મા-બાપથી અલગ થવાનો વારો આવ્યો, આમ, એક પંખીનો માળો વિખેરાઈ ગયો. ત્રીજું, ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે જીજ્ઞા. જીજ્ઞાને કોઈની પણ વાતોને વધારી-ચઢાવીને કહેવાની ટેવ. શક્ય હોય તો મીઠાં-મરચાં અને રાઈનો વઘાર કરીને વાતોને રજૂ કરવામાં ભારે નિષ્ણાંત જીજ્ઞાને કેમ જાણે આમાં મજા આવે. એક દિવસ બપોરે જીજ્ઞાએ ટીનાની સાસુને એમની પાડોશણ સાથે વાત કરતા સાંભળ્યા, તે કહેતા હતા કે, 'દસ દિવસ થયા, હજુ સુધી ટીના વહુ પિયરથી આવ્યા નથી.' બસ...! જીજ્ઞાના બંને કાને આટલી વાત સાંભળી. તે, જેવી ટીના સાસરીમાં આવી કે તુરત જ તેણે વાતમાં ઓળા નાંખીને ટીનાને કહી દીધી. 'તું પિયર જાય છે ત્યારે તારી સાસુ આડોશ-પાડોશમાં તને બદનામ કરતા ફરે છે કે, ટીના તો પિયરમાં જ પડી રહે છે, ધણીની ક્યાં પડી છે!' વગેરે.. વગેરે... (ક્રમશ:)

જીવન તરંગ
જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com

# ઉલ્લુ ઉંદર અને ટીકુ ટમેટું



એક નાનો અને ગોળ-મટોળ ઉંદર હતો. એનું નામ હતું ઉલ્લુ. ઉલ્લુ આખો દિવસ ઘરના રસોડામાં આંટાફેરા મારે. એના બે કાન ઊંચા-ઊંચા અને નાક નાનું-નાનું! એ આખો દિવસ ચૂંપ ચૂંપ ચૂંપ કર્યા કરે.

એક દિવસ ઉલ્લુને બહુ ભૂખ લાગી હતી. એ રસોડામાં ગયો. ત્યાં જમીન પર એક મોટું, લાલ-લાલ અને સરસ મજાનું ટમેટું પડ્યું હતું. એનું નામ હતું ટીકુ. ટીકુ ટમેટાને જોઈને ઉલ્લુના મોંમાં પાણી આવી ગયું. એની જીભ લબ... લબ... લબપ થવા માંડી.

ઉલ્લુ તો રાજી-રાજી થઈ ગયો. એ દોડતો-દોડતો ટીકુ પાસે ગયો. એણે વિચાર્યું, 'આજે તો આ લાલ-લાલ ટીકુ ટમેટાને ખાવાની બહુ મજા પડશે!' ઉલ્લુએ ટીકુને ખાવા માટે જેવું મોં ખોલ્યું, ત્યાં જ એનો પગ લપસ્યો! - 'ઝુઉઉ... સરરરપ'

ઉલ્લુ તો સીધો ટીકુ ટમેટાની ઉપર ચડી ગયો! ટીકુ તો ગોળ હતું, એટલે જેવો ઉલ્લુ ઉપર ચડ્યો કે ટીકુ દોડવા લાગ્યું: 'દડબડ... દડબડ... દડબડપ'

ઉલ્લુ તો ટીકુની ઉપર બેસીને ગોળ-ગોળ ફરવા લાગ્યો! એ તો ડરી ગયો અને બોલ્યો, ''અરે બાપ રે! આ ટીકુ ટમેટું છે કે પછી ગોળમટોળ પીપડું!''

ટીકુ ટમેટું આગળઆગળ દોડતું જાય ને ઉલ્લુ ઉપર બેસીને બૂમો પાડતું જય, : ''બચાવો... બચાવો...'' રસોડાની વચ્ચે એક નાની ખાંડણી પડી હતી. ટીકુ જોરથી ખાંડણી સાથે ભટકાયું: ''ઠપ...!!'

જેવું ટીકુ ભટકાયું, ઉલ્લુ ભાઈ તો હવામાં ઊડ્યા - 'ધડામપ.' એ તો કૂદકો મારીને સીધા પડ્યા બાજુમાં રાખેલી લોટની તપેલીમાં! તપેલીમાં ધોળો-ધોળો લોટ હતો. ઉલ્લુ ભાઈ આખા લોટવાળા થઈ ગયા. કાળા ઉંદરમાંથી એ તો બની ગયા સફેદ પાવડર વાળા ઉંદરબાપા!

ટીકુ ટમેટું તો નીચે બેસીને હસવા લાગ્યું: ''હી-હી-હી... હા-હા-હા...'' લાલ-લાલ ટીકુ હસે અને ધોળો થઈ ગયેલો ઉલ્લુ મોં બગાડે! ઉલ્લુએ તપેલીમાંથી બહાર નીકળીને પોતાનું મોં સાફ કર્યું.

પછી ઉલ્લુએ ટીકુ સામે જોયું. ટીકુ એટલું સુંદર અને રમૂજી લાગતું હતું કે ઉલ્લુને એના પર વહાલ આવી ગયું. એણે ટીકુને ખાવાનો વિચાર માંડી વાળ્યો.

ઉલ્લુ બોલ્યો, ''ટીકુ ટમેટાભાઈ, તમે તો બહુ તોફાની છો! પણ મને તમારી સાથે રમવાની બહુ મજા આવી.'' ટીકુ કહે, ''તો કાલથી આપણે રોજ રમીશું!'' રોજ ઉલ્લુ ટીકુની ઉપર બેસીને સવારી કરે છે!

રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

**નિર્ધારિત એસઓપીનું પાલન થયા વગર કાર્યવાહી થઈ હોવાનો આક્ષેપ**

# અમરેલી જિલ્લામાંથી માત્ર ૧૮ દિવસમાં ૩૦ સિંહ પાંજરે પુરાયા

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લામાં માનવ મૃત્યુના બનાવો બાદ બૃહદ ગીર અને રેવન્યુ વિસ્તારોમાં વન વિભાગ દ્વારા સિંહોને પાંજરે પૂરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા વિવાદ સર્જાયો છે. અલગ-અલગ રેન્જમાંથી કુલ ૩૦ જેટલા સિંહોને પકડી લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. આ કાર્યવાહીમાં મહુવા રેન્જમાંથી ૩, ખાંભા રેન્જના ચતુરી ગામ વિસ્તારમાંથી ૧૨, સાવરકુંડલા નજીક જુનાસાવર વિસ્તારમાંથી ૧, જસાધાર રેન્જમાંથી ૬, બગસરાના ઘટિયાણ વિસ્તારમાંથી ૪ તેમજ રાજુલાના કોવાયા નજીકથી ૪ અને હિંડોરણા નજીકથી ૨ સિંહોને પાંજરે પૂરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.માનવ મૃત્યુની ઘટનાના પગલે નિર્દોષ સિંહોને પણ પકડી લેવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ સાથે સિંહપ્રેમીઓએ નારાજગી વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે યોગ્ય ઓળખ અને વૈજ્ઞાનિક પ્રક્રિયા વિના સિંહોને પકડવાની કાર્યવાહી યોગ્ય



નથી. જો આ સિંહોને ગીર જંગલમાં ખસેડવામાં આવશે તો ત્યાં પહેલેથી વસવાટ કરતા સિંહો સાથે ઘર્ષણ સર્જાવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.સિંહપ્રેમીઓએ વાઈલ્ડ લાઈફ એક્ટ અને નિર્ધારિત એસઓપીનું પાલન થયા વગર કાર્યવાહી કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો છે. સમગ્ર મામલે સરકાર અને વન વિભાગ સત્તાવાર સ્પષ્ટતા કરે તેમજ કાર્યવાહી કયા નિયમોના આધારે કરવામાં આવી રહી છે તે જાહેર કરવાની માંગ ઉઠી છે.

**સિંહોને જંગલ વિસ્તારમાં છોડવામાં આવશે : વનઅધિકારી**

આ સમગ્ર મામલે ગાંધીનગર PCCF જયપાલસિંહે જણાવ્યું હતું કે, સિંહોને પાંજરે નહીં પુરી રખાય, માનવ વસાહત વચ્ચે પણ નહીં મુકાય. જંગલ અથવા અન્ય વિસ્તારોમાં સિંહોને મુક્ત કરવામાં આવશે. જે સિંહોએ માણસ પર હુમલો કર્યો હશે તેને છોડવામાં નહીં આવે. પરંતુ, અન્ય સિંહોને મુક્ત કરવામાં આવશે.

**નિર્દોષ સિંહોને પણ પાંજરે પુરવામાં આવતા સિંહપ્રેમીઓમાં ભારે રોષ**

# ફતેપુર ખાતે અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષનું સન્માન

અમરેલી,તા.૩૦

અમરેલી નજીક આવેલા યાત્રાધામ ફતેપુર (ભોજલધામ) ખાતે અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના નવ નિયુક્ત અધ્યક્ષ સુરેશ દેસાઈનું મહંત પૂ. ભક્તરામ બાપુના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સુરેશ દેસાઈની નિમણૂકને આવકારી મહંત ભક્તરામ બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા અને સમાજહિતના કાર્યોમાં સફળતા માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.





કાર્યક્રમમાં સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દિનેશભાઈ ભુવા, અરજણભાઈ કોરાટ, દુલાભાઈ દેસાઈ રાજુભાઈ ગઢીયા, ગણપતભાઈ સેંજલીયા, કેતનભાઈ ભાલાળા, દિનેશભાઈ સાવલીયા, બાલાભાઈ કાબરીયા, હિરેન કાબરીયા, રોકડભાઈ, દલસુખ રામોલીયા, રાજુભાઈ ટીંબડીયા, ચિરાગ જેસાણી, ભરત સાવલીયા, જતીન કોટડીયા, જતીનભાઈ સુખડીયા, દિવ્યેશભાઈ તળાવીયા, ભરતભાઈ કાબરીયા, ઉમેશભાઈ ભંડેરી,ભોળાભાઈ વસોયા, અલ્પેશ કોલડીયા, સુધીર માયાણી તેમજ અનિરૂધ્ધ કોટડીયા સહિતના આગેવાનોએ સુરેશ દેસાઈને અભિનંદન પાઠવી નવી જવાબદારી માટે શુભકામનાઓ આપી હતી.

**દિનેશભાઈ ભૂવા સહિતના આગેવાનોની ઉપસ્થિતીમા મહંત પૂ.ભક્તિરામ બાપુએ આર્શીવચન પાઠવ્યા**

# અમરેલી માહિતી કચેરીના બે કર્મચારીઓ નિવૃત

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે ભુપતભાઈ.ડી. પાથર અને એમ.વી. રાઠોડને કચેરીના પ્રાંગણમાં કચેરી સમય બાદ વયનિવૃત્તિ નિમિત્તે લાગણીસભર વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક પ્રિયંકા પરમારે બંને કર્મયોગીઓને શ્રીફળ અને શાલ ઓઢાડીને તેમની દીર્ઘ અને નિષ્ઠાપૂર્વકની સરકારી સેવાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે, સરકારી સેવામાં કર્મનિષ્ઠા, સમયપાલન અને જવાબદારીની ભાવનાથી કરાયેલું કાર્ય હંમેશા પ્રેરણારૂપ બની રહે છે.



બી.ડી. પાથરે માહિતી વિભાગમાં ૩૫ વર્ષ અને એમ.વી. રાઠોડે ૩૩ વર્ષ સુધી વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી માહિતી વિભાગની કામગીરીને ગતિ અને ગુણવત્તા આપવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમની કાર્યશૈલી, સહકારની ભાવના અને અનુભવથી અનેક સહકર્મીઓએ માર્ગદર્શન મેળવ્યું હતું. જિલ્લા માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ બંને વયનિવૃત્ત કર્મયોગીઓ સાથે જોડાયેલી સંસ્મરણો વહેંચી તેમના કાર્યજીવનને યાદગાર ગણાવ્યું હતું. સૌએ તેમના સ્વસ્થ, સુખમય અને આનંદમય નિવૃત્ત જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# કેન્દ્ર સરકારે જીએસટી અપીલ માટેની સમયમર્યાદા લંબાવી

નવીદિલ્હી,તા.૩૦

સરકારે જીએસટી સંબંધિત વિવાદો માટે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) માં અપીલ દાખલ કરવાની અંતિમ તારીખ એક મહિના લંબાવીને ૩૧ જુલાઈ, ૨૦૨૬ કરી છે. અગાઉ આ મુદત ૩૦ જૂન, ૨૦૨૬ નક્કી કરાઈ હતી. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, પોર્ટલ પર ભારે દબાણને લીધે કરદાતાઓને પડતી તકનીકી મુશ્કેલીઓ અને વિવિધ હિસ્સેદારોની વિનંતીઓને ધ્યાનમાં રાખીને આ વ્યાવહારિક નિર્ણય લેવાયો છે. છેલ્લા ૧૫ દિવસમાં જ ૩૦,૦૦૦ થી વધુ અપીલો નોંધાઈ છે. મંત્રાલયે કરદાતાઓને છેલ્લી ઘડી સુધી રાહ જોયા વિના વહેલી તકે અપીલ દાખલ કરવા સલાહ આપી છે. હાલમાં ૪.૮૦ લાખથી વધુ કેસો પેન્ડિંગ છે, જે આ ટ્રિબ્યુનલ કાર્યરત થતાં ઝડપથી ઉકેલાશે તેવી આશા છે.


## નામમાં ફેરફાર

હું આશ્વી મનસુખભાઈ પડશાળા જાહેર કરૂં છું કે મેં મારું નામ આશ્વી મનસુખભાઈ પડસાળા માંથી આશ્વી મનસુખભાઈ પડશાળા કરેલ છે. હવેથી હું આશ્વી મનસુખભાઈ પડશાળા નામથી ઓળખાઈશ.

## નામમાં ફેરફાર

હું જાગૃતિબેન મનસુખભાઈ પડશાળા જાહેર કરૂં છું કે મેં મારું નામ જાગૃતિજેન મનસુખભાઈ પડસાળા માંથી જાગૃતિબેન મનસુખભાઈ પડશાળા કરેલ છે. હવેથી હું જાગૃતિબેન મનસુખભાઈ પડશાળા નામથી ઓળખાઈશ.

## નામમાં ફેરફાર

હું મનસુખભાઈ લખમણભાઈ પડશાળા જાહેર કરૂં છું કે મેં મારું નામ મનસુખભાઈ લખમણભાઈ પડસાળા માંથી મનસુખભાઈ લખમણભાઈ પડશાળા કરેલ છે. હવેથી હું મનસુખભાઈ લખમણભાઈ પડશાળા નામથી ઓળખાઈશ.

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સંબંધકર્તા તથા જાહેર ઈસમો જોગ આ નોટીસ પ્રસિધ્ધ કરી જણાવીએ છીએ કે, અમારા અસીલ શ્રી કીર્તીકુમાર ગિરધરલાલ સરખેજીયાએ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે ગામ લાઠી મુકામે પાંજરાપોળ શેરીમાં આવેલ સી.સ.નં.-૧૩૩૩ ના ચો.મી.-૬૪/૪૪/૩૭ઉપરના ઉભા ઈમલાવાળા મકાન જેમાં બાંધકામ ગ્રાઉન્ડ ફ્લોર ચો.મી.–૫૪.૦૦ તથા ફર્સ્ટ ફ્લોર ચો.મી.-૫૪.૦૦ બાંધકામ કુલ ચો.મી.-૧૦૮.૦૦ બાંધકામનું વર્ષ સને ૧૯૭૦ ની મિલ્કતના માલીક શ્રી હસુમતીબેન અનંતરાય શાહ, મેહુલ અનંતરાય શાહ, વિભા અનંતરાય શાહ, હેતલ અનંતરાય શાહ અને ઈન્દીરા રમેશચંદ્ર શાહ પાસેથી રૂા.૮,૦૦,૦૦૦/-માં ખરીદ કરેલ છે. અને અમારા અસીલને તે અંગેનો અનરજીસ્ટેડ દસ્તાવેજ કરી આપી તેમાં ઉપરોકત મિલ્કતધારકોએ સહી કરી આપેલ છે. જેથી, આ મિલ્કત કોઈ પણ વ્યકિત, સંસ્થા, ટ્રસ્ટ, મંડળી, નગરપાલીકા, બેંક, રેવન્યુ કે અન્ય કોઈ પણ જાહેર વ્યકિતએ ખરીદ કરવી નહી. અને જો તે અંગેની કોઈ પણ અમારા અસીલની લેખીત પરવાનગી વિના ખરીદ, વેચાણ, ગીરો, બોજો મિલ્કત ઉપર ધિરાણ કે અન્ય કોઈ પણ બાબતે વહીવટ, વ્યવહાર કરશો તો તેમાં થનાર તમામ પ્રકારની કાનુની કાર્યવાહીના તેઓ અંગત જવાબદાર રહેશે. અને સદર મિલ્કતના માલીક હવેથી અમારા અસીલ બની રહેલા હોય જેની લાગતા વળગતા સર્વોએ આ નોટીસથી નોંધ લેવી.

અસીલની સુચનાથી

અમારા મારફત
એ.સી.વરીયા, એડવોકેટ
મો.નં.-૯૮૨૫૩ ૮૫૨૨૩

કીર્તીકુમાર ગિરધરલાલ સરખેજીયા
પાંજરાપોળ શેરી,લાઠી,જિ.અમરેલી
મો.નં.-૯૮૨૫૨ ૯૨૬૬૧

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.27/2026
મરણ તારીખ : 24/10/2010

શ્રી બારૈયા લલિતાબેન રમેશભાઈ,
રહે.માઢવડ, ગામ-માઢવડ, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી.એન. સોલંકી, કોડીનાર. ............અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બારૈયા લલિતાબેન રમેશભાઈ, રહે. માઢવડ, ગામ-માઢવડ, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્ર સ્વ.જયેશ રમેશભાઈ બારૈયાનું મરણ તારીખ.24/10/2010ના રોજ કોડીનાર તાલુકાના માઢવડ ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨ માહેઃ ૬ સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૧૧૬/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગુજરીયા સાદુળભાઈ દેસુરભાઈ
સરનામું :- મુ.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી ગુજરીયા સાદુળભાઈ દેસુરભાઈ તેમના પુત્ર નામે શ્રી માનસંગભાઈ સાદુળભાઈ ગુજરીયાનો જન્મ તા.૧૦/૦૧/૧૯૯૩, ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૪/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગુજરિયા પ્રતાપભાઈ રામભાઈ
સરનામું :- મુ.ચાંચ તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી ગુજરિયા પ્રતાપભાઈ રામભાઈ એ તેમના પિતા નામે સ્વ.રામભાઈ મકનભાઈ ગુજરિયા નું મરણ તા.૦૨/૦૩/૧૯૭૪, ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૫/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગુજરિયા પાંચાભાઈ કરશનભાઈ
સરનામું :- મુ.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી ગુજરીયા પાંચાભાઈ કરશનભાઈ એ તેમના માતા નામે સ્વ. સોમાયબેન કાનાભાઈ ગુજરીયા નું મરણ તા.૦૧/૦૩/૨૦૧૦, ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ–પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-વાઘણીયા ગામે ખેડુત ખાતા નં-૪૫૭ની ખેતીના માલીકો–(૧) ગીરધરભાઈ ગોપાલભાઈ પાનસેરીયા (૨) પ્રભાબેન ગીરધરભાઈ પાનસેરીયા (૩) હિતેન ગીરધરભાઈ પાનસેરીયા ના સંયુક્ત નામે (૧) સ.નં–૧૬૮ (જુનો સ.નં-૫૪ પૈકી ૧), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૫૩–૭૯, આકાર-૬.૦૫ તથા (૨) સ.નં-૧૬૯ (જુનો સ.નં-૫૪ પૈકી ૨), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૪૫–૬૪, આકાર-૬.૦૫ વાળી ખેતીની જુની શરતની જમીનો આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૩૦/૬/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૬/૨૦૨૬ તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. નજમાબેન ભીખુભાઈ ભટી વાઈફ ઓફ આરીફભાઈ કુરેશી
રહે.મફત પ્લોટ વિસ્તાર લીલીયા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી નજમાબેન ભીખુભાઈ ભટીનો જન્મ તા.૧૦/૦૬/૧૯૮૭ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ–પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-બોડીયા ગામે ખેડુત ખાતા નં-૪૦૫ ની ખેતીના માલીકશ્રી ધોરાજીયા ભનુભાઈ પરશોતમભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૪૦૫ (જુનો સ.નં-૭૪/૨ પૈકી ૨), ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૨-૧૪–૧૭, આકાર-૧૦.૪૫ વાળી ખેતીની જુની શરતની જમીન આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ માં એસ.બી.આઈ-લીલીયા મોટા શાખાના રૂા.૨,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૯/૬/૨૦૨૬


એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

જુલાઈમાં સારો વરસાદ વરસે તેવી રાહ જોતા ખેડૂતો, સુરતમાં ચાલુ કાર ભુવામાં ગરકાવ

# રાજયના ૫૩ તાલુકાઓમાં મેઘમહેર : સુરતમાં ૪ ઈંચ વરસાદ

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં આ વર્ષે ચોમાસાની શરૂઆત સામાન્ય સમય કરતાં મોડેથી થઈ હતી. સામાન્ય રીતે રાજ્યમાં ૧૫ જૂન આસપાસ સત્તાવાર રીતે ચોમાસું બેસી જતું હોય છે, પરંતુ આ વર્ષે ૨૪ જૂને ચોમાસાનું આગમન થયું હતું. મોડું ચોમાસું બેસ્યા બાદ પણ દક્ષિણ ગુજરાતમાંથી તેની ગતિ ધીમી રહેતાં જૂન મહિનામાં રાજ્યમાં અંદાજે ૮૦ ટકા વરસાદની ઘટ નોંધાઈ હતી. જોકે હવે હવામાન વિભાગે રાજ્ય માટે રાહતના સમાચાર આપ્યા છે. જુલાઈ મહિનાની શરૂઆતથી ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.હવામાન વિભાગના અનુમાન મુજબ આવતીકાલ ૧ જુલાઈથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વરસાદનું જોર વધશે. કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સાથે તેજ પવન ફૂંકાવાની તેમજ વીજળી પડવાની પણ સંભાવના દર્શાવવામાં આવી છે. આ આગાહીને પગલે વહીવટી તંત્રને પણ સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.બીજી તરફ આજે સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૫૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ સુરત જિલ્લામાં નોંધાયો હતો, જ્યાં



૩.૬૬ ઈંચ વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. કેટલાક ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતાં ઘરવખરી અને અન્ય સામાનને નુકસાન પહોંચ્યું હતું.સુરતમાં પણ છેલ્લા ૧૫ દિવસથી વરસાદની રાહ જોવાઈ રહી હતી. આખરે મોડીરાતથી શહેરમાં ચોમાસાએ સત્તાવાર એન્ટ્રી કરી હતી. વહેલી સવારથી શરૂ થયેલા વરસાદના કારણે શહેરના અનેક ગરનાળા, મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત બન્યું હતું. સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા સુરતમાં પ્રથમ જ ભારે વરસાદે પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી હતી. મોટા વરાછા વિસ્તારમાં તાજેતરમાં બનાવવામાં આવેલો આશરે ૪૦૦ મીટર લાંબો રસ્તો જમીનમાં ધસી પડતાં મોટો ભુવો સર્જાયો હતો. આ ભુવામાં એક ચાલુ કાર ગરકાવ થઈ ગઈ હતી. ત્યારબાદ સમારકામ માટે પહોંચેલી પાલિકાની ભારે ટ્રક પણ ભુવામાં ફસાઈ ગઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સુરત ઉપરાંત નવસારી, અમરેલી, જૂનાગઢ, ઉના અને તાપી સહિતના વિસ્તારોમાં પણ સવારથી સાર્વત્રિક વરસાદ વરસતા લાંબા સમયથી અનુભવાતી અસહ્ય ગરમી અને બફારાથી લોકોને રાહત મળી હતી. વરસાદના આગમનથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે અને ખેતીકામ માટે અનુકૂળ વાતાવરણ સર્જાતા ધરતીપુત્રોમાં નવી આશા જાગી છે. હવે જુલાઈ મહિનામાં રાજ્યભરમાં સારો વરસાદ વરસે તેવી લોકો અપેક્ષા રાખી રહ્યા છે.

## અમદાવાદમાં ગેરકાયદે બનેલી મસ્જિદ તોડી પાડવામાં આવી

અમદાવાદ,તા.૩૦



અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં ગેરકાયદે બનાવી દેવાયેલી મસ્જિદના બાંધકામને AMC દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. સાણંદ ક્રોસિંગ નજીક ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી રહેલી નવી મસ્જિદને મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સરખેજ પોલીસના બંદોબસ્ત સાથે ડિમોલેશનની કાર્યવાહી કરવામાં આવી છે. નવી મસ્જિદનું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું ને કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં આવી નહોતી આસપાસ પતરા લગાવી દેવામાં આવ્યા હતા જેના પગલે તેને તોડવામાં આવ્યું છે.

## સાવરકુંડલામાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો

અમરેલી,તા.૩૦

સાવરકુંડલા શહેરમાં ધોધમાર વરસાદના બે રાઉન્ડ આવતા કુલ ૩ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે શહેરમાંથી પસાર થતી નાવલી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. શહેરના અનેક રસ્તાઓ પર વરસાદી પાણી ભરાઈ જતા વાહનચાલકો અને સ્થાનિક લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સાવરકુંડલા નજીક તાત્કાલિક હનુમાન આશ્રમ પાસે આવેલો



ચેકડેમ સિઝનના પ્રથમ સારા વરસાદમાં જ છલકાઈ ગયો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં પાણીનો સારો જથ્થો ઉપલબ્ધ બનશે અને સ્થાનિકોને લાભ મળશે. તાલુકાના લુવારા, ગોરડકા, વંડા, પીઠવડી, વિજપડી સહિતના ગામોમાં એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. બીજી તરફ રાજુલા તાલુકાના

**ભારે વરસાદને કારણે નાવલી નદીમાં ઘોડાપૂર આવ્યુ, ખેડૂતોમાં ખુશી**

દેવકા, ખેરાળી, ગોવિંદડી, ખારી સહિતના ગામોમાં વરસાદ નોંધાયો હતો. ખાંભા તાલુકાના નાનુડી, ભાડ, ઈંગોરાળા અને ઉમરીયા સહિતના વિસ્તારોમાં પણ વરસાદ પડતા અનેક ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાયા હતા અને વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## અમદાવાદથી મુંબઈ જઈ રહેલી ફ્લાઈટમાં બાળક બેભાન થતા સુરતમાં લેન્ડીંગ

સુરત,તા.૩૦

અમદાવાદથી મુંબઈ જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં સોમવારે સાંજે ત્રણ વર્ષનું બાળક સૌરભ અચાનક બેભાન થઈ જતાં મેડિકલ ઈમરજન્સી સર્જાઈ હતી. ફ્લાઈટમાં હાજર બે ડોક્ટરોએ બાળકને પ્રાથમિક સારવાર આપવાનો પ્રયાસ કર્યો, પરંતુ સ્થિતિમાં સુધારો ન થતાં પાયલટે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલનો સંપર્ક કરી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી



લેન્ડિંગની મંજૂરી મેળવી હતી. ફ્લાઈટ સુરક્ષિત રીતે ઉતરતાં જ એમ્બ્યુલન્સ, મેડિકલ ટીમ, CISF અને એરલાઈન્સની ગ્રાઉન્ડ સ્ટાફ પહેલેથી જ તૈયાર હતો. બાળકને તરત જ હોસ્પિટલ ખસેડી સારવાર આપવામાં આવી હતી.

## મોરબીમાં વીજપોલ મુદ્દે વિવાદ ઉગ્ર: ૨૨ ગામના સરપંચો અને ખેડૂતોનો કલેક્ટર કચેરીએ વિરોધ

મોરબી, તા.૩૦

મોરબી જિલ્લામાં ખેતરોમાં વીજપોલ ઊભા કરવાની કામગીરીને લઈને ખેડૂતોનો વિરોધ ઉગ્ર બન્યો છે. દેવળીયા, ચરાળવા, કડીયાણા, સરપળા સહિત ૨૨થી વધુ ગામોના ખેડૂતો અને સરપંચોએ મામલતદાર કચેરી ખાતે ભેગા થઈ સરકાર અને તંત્ર વિરુધ્ધ સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોનો આક્ષેપ છે



કે તેમની રજૂઆતોને અવગણીને ખેતરોમાં વીજપોલ ઊભા કરવામાં આવી રહ્યા છે, જેના કારણે ખેતી અને માલિકીના હકોને નુકસાન પહોંચશે. તેમણે વીજપોલની કામગીરી તાત્કાલિક બંધ કરવાની માંગ કરી હતી. પ્રદર્શન દરમિયાન પરિસ્થિતિ તંગ બનતા મોરબી કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ મામલતદાર કચેરીએ પહોંચ્યા અને ખેડૂતો સાથે સમાધાનના પ્રયાસો કર્યા હતા. જોકે, ખેડૂતો પોતાની માંગ પર અડગ રહ્યા હતા. જેતપર ખાતે ચાલી રહેલા ખેડૂત આંદોલનને પણ ૨૨ ગામોના સરપંચો અને ખેડૂતોનું ખુલ્લું સમર્થન મળ્યું છે.

## વડોદરામાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટનું સમાપન, ડિફેન્સ ક્ષેત્રે રૂ. ૨૫૫૦ કરોડના રોકાણના MoU

વડોદરા,તા.૩૦

વડોદરા ખાતે બે દિવસ સુધી યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)ની ચોથી આવૃત્તિનું આજે સમાપન થયું હતું. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ્સ (GSFC) યુનિવર્સિટી ખાતે ૨૯ અને ૩૦ જૂન દરમિયાન યોજાયેલી આ કોન્ફરન્સના સમાપન પ્રસંગે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રી મનિષા વકીલ ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સના બીજા દિવસે 'આત્મનિર્ભર ભારત ઈન એરોસ્પેસ એન્ડ ડિફેન્સ' વિષય પર વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સંરક્ષણ ક્ષેત્રમાં ગુજરાતમાં કુલ રૂ.૨૫૫૦ કરોડના રોકાણ માટે ચાર કંપનીઓ સાથે મહત્વપૂર્ણ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ રોકાણ ખેડા, રાજકોટ, વડોદરા અને અમદાવાદમાં થશે, જેના પરિણામે ૪ હજારથી વધુ લોકોને રોજગારીની નવી તકો મળશે. રોકાણ કરનાર કંપનીઓ ડિફેન્સ સિસ્ટમ્સ, સંરક્ષણ સાધનો, એરોસ્પેસ ટૂલિંગ, એન્જિન તેમજ UAV સિસ્ટમ્સ અને એપ્લિકેશન હાર્ડવેરના ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત છે. કાર્યક્રમ દરમિયાન રાજનાથ સિંહે સંરક્ષણ ક્ષેત્રના ઉદ્યોગકારો અને નિષ્ણાતો સાથે સંવાદ કર્યો હતો તેમજ ભારતને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે તેમના સૂચનો સાંભળ્યા હતા. તેમણે સંરક્ષણ ઉત્પાદન વધારવા, નવી ટેક્નોલોજી અપનાવવા અને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો.

## વલસાડ અને જૂનાગઢની સગીરાને ગર્ભપાતની હાઈકોર્ટેની મંજૂરી

જૂનાગઢ,તા.૩૦

ગુજરાત હાઈકોર્ટે વલસાડની ૧૬ વર્ષની અને જૂનાગઢની ૧૪ વર્ષની દુષ્કર્મ પીડિતાની સગીરાના અનુક્રમે ૨૭ અને ૨૮ સપ્તાહના ગર્ભના ગર્ભપાતને મંજૂરી આપી છે. બંને કેસમાં તબીબી પેનલે ગર્ભપાત કાયદેસર રીતે શક્ય હોવાનું અભિપ્રાય આપ્યો હતો. વલસાડની GMERS મેડિકલ કોલેજ અને જૂનાગઢ સિવિલ હોસ્પિટલના તબીબોના અહેવાલને ધ્યાને રાખી કોર્ટે આ નિર્ણય કર્યો. સુનાવણી દરમિયાન કોર્ટે સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટના અગાઉના ચુકાદાઓનો પણ




ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે જણાવ્યું કે માતા બનવું કે નહીં તે નક્કી કરવાનો અધિકાર દરેક સ્ત્રીનો છે અને તે બંધારણની કલમ ૨૧ હેઠળ મળતા વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનો મહત્વપૂર્ણ ભાગ ગણાય છે.

## ગુજરાત એસ.ટી.ના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩%નો વધારો

ગાંધીનગર,તા.૩૦

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એસટી)ના હજારો કર્મચારીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ એસટી નિગમના કર્મચારીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નિગમના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા (DA)માં ૩ ટકાનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી ૫૫ ટકા મુજબ મળતું મોંઘવારી ભથ્થું હવે વધારીને ૫૮ ટકા કરવામાં આવ્યું છે.આ નિર્ણયનો લાભ એસટી નિગમના તમામ પાત્ર કર્મચારીઓને મળશે. માત્ર વધારેલું મોંઘવારી ભથ્થું જ નહીં, પરંતુ વધારાની રકમના બાકી રહેલા એરિયર્સ પણ કર્મચારીઓને ચૂકવવામાં આવશે. આ નિર્ણયથી એસટી નિગમ પર અંદાજે રૂ. ૨૪ કરોડથી વધુનો વધારાનો આર્થિક બોજ આવશે, કર્મચારીઓને સીધો આર્થિક લાભ મળશે.


## રાજસ્થાની યુવકની હત્યા કેસમાં પીડિત પરિવારે સીબીઆઈ તપાસની માંગ કરી

અમદાવાદ,તા.૩૦

ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના બંગલે મારપીટ બાદ રાજસ્થાની જાટ યુવકના રહસ્યમય મોતના કેસમાં ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન પીડિત પરિવારે ફરી સીબીઆઈ તપાસની માંગ કરી છે. અરજદાર પક્ષે આક્ષેપ કર્યો કે પોલીસ પ્રભાવશાળી આરોપીઓને બચાવવા હત્યાના બનાવને અકસ્માત તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહી છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સરકારને આરોપી અને અકસ્માત



સર્જનાર લક્ઝરી બસના ચાલક વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં તે અંગે સવાલ કર્યો હતો. સરકાર તરફથી બંને વચ્ચે કોઈ સંબંધ ન હોવાનું જણાવાયું હતું. અરજદાર પક્ષે દલીલ કરી કે ૨ માર્ચે મૃતક સાથે મારપીટ થઈ હતી અને ત્યારબાદ તે ગુમ થયો હતો. સીસીટીવીમાં તે પહેલા નગ્ન અને પછી બીજા કપડામાં જોવા મળ્યો હોવાનું પણ રજૂ કરાયું.




## તા. ૩થી શરૂ થતી અમરનાથ યાત્રા માટે રાજકોટથી પ્રથમ ટ્રેન રવાના

રાજકોટ,તા.૩૦

રાજકોટ રેલવે સ્ટેશનથી આજે અમરનાથ યાત્રાની પ્રથમ ટ્રેન રવાના થઈ હતી. ૩ જુલાઈથી શરૂ થનારી યાત્રા પહેલા રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મોટી સંખ્યામાં ભક્તો બાબા બરફાનીના દર્શન માટે નીકળ્યા હતા. વર્ષ ૨૦૧૧થી સતત યાત્રા કરતા કેતનભાઈએ જણાવ્યું કે દર વર્ષે આ યાત્રા એક દિવ્ય અનુભૂતિ કરાવે છે. છેલ્લા દસ વર્ષમાં યાત્રાની વ્યવસ્થામાં ઘણો સુધારો થયો છે અને રહેવા, જમવા



તેમજ પરિવહનની સારી સુવિધા મળતા યાત્રાળુઓને કોઈ મુશ્કેલી પડતી નથી. જમ્મુના ભગવતીનગર બેઝ કેમ્પથી સુરક્ષા સાથે બસો કોન્વોયમાં રવાના કરવામાં આવે છે. કોરોના દરમિયાન યાત્રા બંધ રહેતા શિવભક્તોમાં ભારે ખોટ વર્તાઈ હતી. હવે ફરી યાત્રા શરૂ થતા ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

